સ્વદેશીનો ઘેરો

[વિદેશી કાપડ સામેની ચોકીનું સ્વરૂપ]

*

'આદર્શ ચોકીદાર'ની
પ્રસ્તાવના સાથે

૧૦૩૩૮

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૦૩૩૪ वर्गांक

पुस्तकनुं नाम સ્પદિરાનો દારો

विषय રT:૬૭૩:૨

સ્વદેશીનો ઘેરો

[વિદેશી કાપડ સામેની ચોકીનું સ્વરૂપ]

'આદર્શ ચોકીદાર'ની
પ્રસ્તાવના સાથે

નવજીવન પ્રકાશન મન્દિર
અ મ દા વા દ

સાડા ચાર આના

સંવત ૧૯૭૫

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૧૦૩૩૮

મુદ્રક અને પ્રકાશક
રામદાસ મોહનદાસ ગાંધી
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ

દીબાચો

આ નાની સરખી કિતાબ ઠીક વખતસર નીકળી છે. જેઓનાં દિલ આ નવી સાલમાં દેશનો જંગ જોશથી આદરવાને તલસી રહ્યાં છે, ખાસ કરીને જેઓ પરદેશી કાપડની દુકાનો પર ચોકી કરીને સ્વદેશીનો કિલ્લો સર કરવાને કમર કસી બેઠા છે, તેઓ બધા આ નાની કિતાબને વધાવી લેશે એમાં મને શક નથી. ચોકીનું કામ કયા સિદ્ધાન્તો પર અને કેવી પદ્ધતિથી કરવાનું છે તે આ કિતાબમાં પૂરી તોરથી બતાવવામાં આવ્યું છે.

ચોકી એ મારા પોતાના વિચાર પ્રમાણે તો આખરે એક મિસાલની 'જાહેરાત' જ છે. જે સવાલને આપણે પેશ પહોંચાડવા માગતા હોઇયે તેની તેજમાં તેજ 'જાહેરાત' તે ચોકી છે. આ જમાનાની વેપારી આલમમાં 'જાહેરાત' એ વેપારી કુનેહનું મુખ્ય અંગ સાબિત થઈ ચુક્યું છે. તે જ પ્રમાણે આમલોકમાં આપણા વિચારોનો ફેલાવો કરવા માગતા હોઇયે તો તેમાં પણ લોકોનાં દિલ પર અસર પહોંચાડે તેવી 'જાહેરાત' જરૂરની છે. આમલોકોનો એ સ્વભાવ છે કે તેઓ મોટાં ભાષણો કરતાં સાનથી જલદી સમજી જાય છે. તેમના ઉપર સ્વદેશીની અસર પહોંચાડવાને ચોકી એ સારામાં સારી 'જાહેરાત' છે.

" પરદેશી કાપડ ખરીદવું એ મહાપાપ છે " એવી 'જાહેરાતની' અસર આમલોક પર કેવી થાય છે તેનો એક જ દાખલો હું આપીશ. નડીયાદમાં એક દિવસ સવારના ૭ વાગે અમારી દશેક જણની ટુકડી ગળામાં ઉપરની

'જાહેરાત' વાળાં પાટીયાં લટકાવીને નીકળી પડી અને એક મન્દિરમાં લોકો દર્શન સારૂ જતાઆવતા હતા તેની નજીકમાં ગોઠવાઈ ગઈ. લગભગ બસેં બ્હેનો ત્યાં દર્શન કરવા આવી હશે. તેમાંથી ઘણીખરીએ મીલનાં કપડાં પહેર્યાં હતાં; કોઈકોઈએ તો પરદેશી કપડાં પણ પહેર્યાં હતાં, અને શુદ્ધ ખાદી તો ફક્ત ત્રણ જણીનાં જ અંગ ઉપર હતી. અમને ત્યાં ઉભેલા જોઈને, અમારાં પાટીયાંમાં શું લખ્યું છે તે સમજી જઈને તેઓ ઉતાવળી ઉતાવળી અમારી પાસેથી પસાર થઈ ગઈ અને મન્દિરમાં પેસી ગઈ. પણ તેઓ જ્યારે દર્શન કરીને પાછી વળી ત્યારે અમારી જોડે તેમણે થોડીક વાતચીત કરી. ત્યાર પછી તેમનામાં અંદર અંદર ઘણી ચર્ચા ચાલી. ઘણી બ્હેનો બોલતી હતી કે પરદેશી કાપડ ન પહેરવું જોઈયે. બીજે દિવસે પણ અમે ચોકી પર હાજર રહ્યા. દર્શન કરવા આવનાર બ્હેનોની પહેલા દિવસ જેવી જ હીલચાલ હતી. પણ આજે અમે એટલું જોયું કે ખાદીનાં કપડાં પહેલા દિવસ કરતાં વધારે બ્હેનોએ પહેરેલાં હતાં, અને પરદેશી પહેરનારી તો ગણી-ગાંઠી જ હતી. પાછાં વળતાં વળી તે લોકોમાં ચર્ચા ચાલી. આમ અમારી ચોકી ચાર પાંચ દિવસ ચાલ્યા પછી અમે એક દિવસ ગણી જોયું તો અમને શુદ્ધ ખાદી ધારણ કરનારી બ્હેનોની સંખ્યા ત્રીશની માલુમ પડી. કેટલીક પરદેશી પહેરીને આવેલી હતી તેમને અમે પૂછ્યું: "બ્હેનો, પરદેશી પહેરવું એ આપને હજુ વાજબી લાગે છે?" તો જવાબ મળ્યો: "અમે ખાદી ખરીદી તો રાખી છે, પણ રંગાવવા આપી છે તે હજુ પાછી આવી નથી. એ ત્રણ

દિવસમાં તે રંગાઇને આવી જશે એટલે અમે આ પરદેશી કપડાં ઉતારી નાંખીશું." આ રીતે નડીયાદની અંદર અમે લોકો ખાદીની તરફેણમાં પ્રજાનાં દિલ વાળી રહ્યા છીએ.

હવે દુકાનદારોની સાથે અમારો નાતો કેટલો ભાઇચારાભર્યો છે તેનો એક દાખલો હું નમુદ કરૂં છું. નડીયાદના મુસલમાન ભાઇઓ હજુ પરદેશીનો મોહ છોડતા નથી. એક દહાડો એક મુસલમાન ભાઇ હું ઉભો હતો તેની નજીકની એક દુકાને કંઇ પરદેશી કાપડ ખરીદવા ગયો. પરદેશીને બદલે દેશી લેવાની દુકાનદારે તેને વિનંતિ કરી. તે સાંભળીને તે રાતોતાતો થતો મારી તરફ ધસી આવ્યો અને બોલ્યોઃ "પરદેશી કાપડ પહેરવું એ પાપ છે એવું તમે કેમ કહી શકો?" મેં તેને જવાબ આપ્યો, પણ તેનાથી એને સન્તોષ થયો નહિ. એ જોઇ દુકાનદાર મારી વ્હારે ધાયો. તેણે પેલા મુસલમાન ઘરાકને કહ્યું: "પરદેશી કાપડ પહેરવામાં પાપ નથી? તમે ઈંગ્લંડને પૈસા આપી દો છો તેનું તે શું કરે છે? ઇંગ્લંડ તમારા જ પૈસાથી તોપો, બંદુકો બનાવે છે, દારૂગોળો બનાવે છે, હવાઇ જહાજો બનાવે છે, અને પછી એ બધાં વડે તમારા પોતાના તુર્ક અને હિન્દી બિરાદારોના જાન લે છે. એને પૈસો આપવામાં પાપ છે કે નહિ? આપણા ભાઇઓને મારવાને દુશ્મન ટાંપી બેઠેલો હોય ને આપણે જઇને તે દુશ્મનને હથીયાર પૂરાં પાડીયે તેમાં પાપ ખરૂં કે નહિ? તમે તમારા દુશ્મનને ખુદ હથીયાર નથી આપતા ને પૈસા આપો છો, પણ આખરે તો બધું એક જ છે." દુકાનદારની આ દલીલથી એ મુસલમાન ભાઇનું મ્હોં દેવાઇ ગયું અને તે મૂગે મ્હોડે ચાલ્યો ગયો.

એક સૂચના આ જગાએ હું આપણી રાષ્ટ્રીય સંસ્થાઓના સઘળા કામ કરનારાઓને કરવા માગું છું. આપણા આગેવાનો—મર્દો તેમ જ બાનુઓ—મહાસભાની બધી જ રૈયત, અને ખાસ કરીને બધા સ્વયંસેવકો, છાતીએ એક ખાદીનો ચાંદ—બીજના આકારનો ચાંદ—લગાવે અને તે ચાંદની અંદર ઉપર જણાવેલી 'જાહેરાત'નું ભરતકામ હોય. આ ચાંદને તેઓ ધાર્મિક શણગાર ગણીને જાગતા હોય ત્યાં સુધી પોતાના અંગથી અળગો ન કરે. કામ કરતાં, બજારમાં વ્હોરવા જતાં, સગાંવ્હાલાંમાં મળતાંહળતાં, નાટકશાળાઓમાં જતાં—મતલબમાં હરકોઇ કામ કરતાં તેઓ આ દેશભક્તિના ચાંદને પોતાની છાતી પર જ રાખે. આની આમલોકના મન પર એવી સચોટ અસર થશે કે તે જોઇને આપણે તાજુબ થઇ જઇશું. આખા હિન્દુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી લોકોનાં મન ઉપર પરદેશી કપડું હરામ છે એ છાપ તેનાથી ચોંટી જશે.

આ રીતે આપણે પરદેશી કાપડના બહિષ્કારની લડતમાં ફતેહ મેળવીશું, અને તવારીખમાં કદી નહિ દેખેલી એ ફતેહને દેખીને દુનીયા દંગ થશે.

અબ્બાસ તૈયબજી

સાંકળીયું

1 વેપારી શું કરે ? ... ... ગાંધીજી ૧

2 હવે પછી ... ... કાલેલકર ૩

3 કાપડીયાનો સવાલ ... ... ,, ૬

4 વેપારીઓની પ્રતિજ્ઞા ... ... ,, ૧૩

5 પહેરાની ઉપયોગિતા ... ... ગાંધીજી ૧૫

6 પ્રતિજ્ઞાભંગનો ઇલાજ ... ... ,, ૧૮

7 ચોકીનો ઉદ્દેશ ... ... કાલેલકર ૨૧

8 પરદેશી સામે પહેરો ... ... ,, ૨૩

9 બારડોલી–દિલ્હીના ઠરાવ ૨૭

10 ચોકીમાં જબરદસ્તી ? ... ... ગાંધીજી ૨૮

11 અમદાવાદની સ્વયંસેવિકાઓ ... ,, ૩૦

12 આદર્શ ચોકી ... ... અબ્બાસ તૈયબજી ૩૨

13 સ્વદેશી સેના ... ... કાલેલકર ૩૪

14 ગુજરાતનો સંદેશ ... મોહનલાલ પંડ્યા ૩૮

15 એક એક છોકરો આપો ... વલ્લભભાઇ ૦૪

16 સ્વયંસેવકની લાયકાત ... ... કાલેલકર ૪૪

17 ચોકી ... ... ,, ૪૭

18 સ્વદેશી સેનાના નિયમો ૫૨

19 આપણી ઢીલાશ ... ... ગાંધીજી ૫૪

20 ચોકીના મદદગાર ... ... કાલેલકર ૫૮

21 આટલી મદદ કરો ... ... ,, ૬૩

વેપારી શું કરે?

[લે: ગાંધીજી]

* જે વેપારીઓ પરદેશી માલના વેચનારા છે તે પોતાનો માલ ક્યાં નાંખે? તે ભીખારી થઈ જાય તો દેશનું શું થાય? તેને નોટીસ મળવી ન જોઇયે?

પરદેશી માલનો વેપાર કરવો એ પ્રથમથી જ ખોટું હતું. તે વેપારની લાલચમાં પડીને તો આપણે ફસાયા, ગુલામ બન્યા, ખેડુતો ચાર મહિના કામ વિના રખડયા, દુષ્કાળને સારૂ જરાયે પુંજી ન રહી. પરદેશી વેપારથી હિન્દનું સત્યાનાશ વળ્યું. એવો વેપાર કરનારા શું કરે એમ પૂછાય જ નહિ. તેમણે શૂરવીર બનવું જોઇયે. સહુએ દેશહિત સમજવું ને દેશહિતને ખાતર સ્વાર્થત્યાગ કરવા તૈયાર થવું એનું નામ સ્વરાજ્યશક્તિ. તેઓએ આટલા દહાડા કેમ વેપાર કર્યો એ તેઓએ વિચારવું જોઇયે ને હવે છોડવામાં માથે આવતી અગવડ વેઠી લેવી જોઇયે.

---

* નવજીવન તા. ૧૭-૭-૧૯૨૧

વળી પરદેશી કાપડનો નીકાલ કરવો એ મોટી વાત જ નથી. બહાર દેશાવરમાં પણ માલ ખપી શકે છે. કેટલોક માલ સામાન્ય રીતે બહારના કામનો નથી હોતો. પણ કંઈ ને કંઈ ઉપયોગ તે માલનો બહાર થઈ શકે એ વાત વેપારીને બતાવવાપણું હોય જ નહિ.

વેપારીને ભીખારી થવાપણું નથી. પૈસો હાથનો મેલ ગણ્યો છે. વેપારી આજે કમાય છે ને કાલે ગુમાવે છે. પૈસા કમાવાની શક્તિમાં વેપારીનું રક્ષણ અને તેની નિર્ભયતા રહ્યાં છે. પૈસો આવેજાય છે. વેપાર કરવાની શક્તિ કાયમ રહે છે. એક વેપારમાં ખોનાર બીજો શોધી લે છે. 'વેપારી બચ્ચો કદી ભીખ માગવાનો નથી' એવું બહાદુર વચન મેં ઘણા વેપારીઓને મુખે સાંભળ્યું છે.

વેપારી પરદેશી કાપડનો વેપાર છોડી ખાદીનો વેપાર શું નાહ કરી શકે? સાઠ કરોડ રૂપીયાનું નવું કાપડ ઉત્પન્ન કરવું છે તે સાહસમાં હજારો વેપારી પોતાની આજીવિકા નહિ મેળવી લે? 'શું કરશે?' એ તો આળસનું વાક્ય છે.

ખરું તો એ છે કે પરદેશી કાપડના બહિષ્કારમાં આપણને સ્વરાજ્ય સુઝયું નથી. અને જ્યાં સુધી પ્રજાનાં બધાં અંગમાં સ્વદેશીની ભાવના તીવ્રપણે ઉત્પન્ન ન થાય ત્યાં લગી બહિષ્કાર સફળ ન થાય ને ત્યાં લગી સ્વરાજ્ય ન જ મળે. તેથી દેશને ખાતર પોતાના પરદેશી કાપડના વેપારનો ભોગ આપવાનો જોસ વેપારીવર્ગને ચઢવો જોઇયે.

વેપારીને બહિષ્કારની નોટીસ નથી મળી એમ કહેવું એ અજ્ઞાન વાક્ય છે. નોટીસ તો ગયા સપ્ટેમ્બર માસની મળી ગઇ છે. તેની ચર્ચા પણ ત્યારથી જ ચાલી છે. પણ વેપારીઓ સાવધાન નથી થયા. મહાસભાના ઠરાવો તો થયાં કરે છે ને ભૂલાયાં કરે છે, એટલે તેની દરકાર કોને? સમય બદલાયો છે એનું જ્ઞાન વેપારીઓને થયું નથી. એમાં દોષ કોનો? પરદેશી કાપડના ત્યાગની વાત સપ્ટેમ્બર માસથી બરોબર હરેક સભામાં મેં કરી છે. **જેઓ અયોગ્ય ધંધા કરે છે, જેઓ વ્યસની છે, જેઓ વ્યભિચારી છે, જેઓ અન્ત્યજાદિનો દ્વેષ કરનારા છે તેઓને જ્યારથી અસહકાર, આત્મશુદ્ધિયજ્ઞ શરૂ થયો ત્યારથી જ નોટીસ મળી ચુકી છે.** તેમાંની જે જે વાતની જરૂર જણાય તે તે વાત ઉપર સમયાનુસાર ભાર મુકાયાં જ કરશે. પણ દુરાચાર, લોકકલ્યાણ વિરુદ્ધ અર્થસંગ્રહ છોડવો જ જોઇયે એવી નોટીસ તો બધાને મળી છે એમ માની જ લેવું જોઇયે.

હવે પછી

[લેઃ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* સ્વરાજ્યને માટે નાણાંની જરૂર છે અને તે રહેશે, પણ ફક્ત પૈસા આપીને આપણે સ્વરાજ્ય ખરીદી ન શકીયે.

* નવજીવન તા. ૮-૧૦-૧૯૨૨

પૈસાથી સ્વરાજ્ય મળતું હોય તો સ્વરાજ્યની પૂરી કિંમત એકસામટી ભરી દેનાર સ્વરાજ્યવાદી ધનિકો હિન્દુસ્તાનમાંથી ન નીકળી પડે એમ નથી. પણ સ્વરાજ્ય એમ ધન ખરચ્યે મળતું નથી. સ્વરાજ્ય આપણે આપણા એશઆરામને લીધે ખોયું છે. હવે તે પાછું મેળવવું હોય તો આપણાં અંગમહેનત અને બલિદાનથી જ તે પાછું મેળવવું જોઇયે. દરેક માણસે ઘરબાર છોડી ફકીર બનવાની જરૂર નથી, પણ દરેક જણે એટલું તો સંભાળવું જ જોઇયે કે સ્વરાજ્યને વિઘાતક એવું કશું તે ન જ કરે અને સ્વરાજ્યધર્મને બાધ ન આવે એવી રીતે જ પોતાનું જીવન અને પોતાનો ધંધો ગોઠવે. દરેક જૈનની અંદર મહાવીર સ્વામીનો મહાત્યાગ ન હોય એવું કંઇ નહિ, પણ દરેક જૈન વિષે એટલી અપેક્ષા તો રહે જ કે તે હિંસા કરીને પોતાની આજીવિકા ન મેળવે; હિંસા મારફતે થતી કમાણી તેને માટે હરામ હોય. તે જ રીતે આપણા લોકોએ એટલો તો નિશ્ચય કરવો જ જોઇયે કે પરદેશી કાપડનો વેપાર એ સ્વરાજ્યધર્મથી વિરૂદ્ધ હોવાથી તેનો સદંતર ત્યાગ કરવો જોઇયે. પરદેશી કાપડનો વેપાર કરી માણસ દસ લાખ રૂપીયાનું દાન કરે, તેના કરતાં દસ લાખ રૂપીયાની કમાણી છોડી દઈ પરદેશી કાપડનો વેપાર બંધ કરે એ ધર્મની દૃષ્ટિએ તેમ જ સ્વરાજ્યની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. વકીલાત કરી સ્વરાજ્ય ફંડમાં પૈસા આપવા કરતાં વકીલાત જ છોડી દેવામાં સ્વરાજ્યને વધારે મદદ થાય છે. તે જ પ્રમાણે કાપડના વેપારનું પણ છે. પરદેશી કાપડના વેપારથી હિન્દુસ્તાનનું જેટલું નુકસાન થયું છે તેટલું બીજા કશાથી થયું નથી એમ કહીયે તો ખોટું નથી.

દાન કરતાં ત્યાગનું મહત્ત્વ વધારે છે. દાન કરવાથી આપણે ગરીબોનાં કષ્ટ ઓછાં કરીયે છીયે, પણ સંપત્તિનો ત્યાગ કરવાથી આપણે ગરીબોની ગરીબી જ કાઢી નાંખીયે છીયે. ઘણીવાર આપણે દાનથી સામાજિક પાપનું પ્રાયશ્ચિત્ત કરીયે છીયે, પણ ત્યાગથી તો પાપ જ છોડી દઇયે છીયે. ગુજરાત જ્યારે પરદેશી કાપડના વેપારને મહાપાતક તરીકે ઓળખશે ત્યારે જ ગુજરાતની સ્વરાજ્યસાધના અસરકારક થશે.

જેમ પૈસો આપીને બીજા મારફતે આપણે ભણી શકતા નથી, પૈસા આપીને પોતે પાળવાની કરી બીજા પાસે પળાવી શકતા નથી, તેમ આપણે સ્વરાજ્ય પણ ફકત પૈસો આપી મેળવી શકવાના નથી. આપણે સ્વરાજ્યને માટે સંપૂર્ણ આપભોગ આપવો જોઇશે. ગુજરાતમાં જ્યારે પરદેશી કાપડનો વેપાર બંધ થશે અને યુવકવર્ગ નિર્ભય થઇ દેશસેવા કરવા નીકળશે ત્યારે જ ગુજરાત સ્વરાજ્ય મેળવશે. આજે શીખ અકાલીઓ જે સામર્થ્ય બતાવી રહ્યા છે તે આપણે પણ કેળવવું જોઇશે. ગાંધીજીને એમના જ ગુજરાતમાં અકાલી-જુસ્સા વાળા સૈનિકો ન મળે એમ તો નથી જ થવાનું.

જો પરદેશી કાપડનો વેપાર વખતસર બંધ નહિ પડે તો ગુજરાતના નવયુવકોને અકાલી-જુસ્સો તે ક્ષેત્રમાં કેળવવો પડશે.

કાપડીયાનો સવાલ

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

*"હું તો ભાઈ, આ કાપડીયાઓ વિષે નિરાશ થયો છું. કોઈ કાળે તેઓ પોતાનો સ્વાર્થ છોડવાના નથી. તેમને બહુ પજવશો તો ઉલટા તેઓને સ્વરાજ્યના વિરોધી કરી મેલશો."

એક લાંબી ચર્ચાના સાર રૂપે એક મિત્રે ઉપરના ઉદ્‌ગાર કાઢ્યા હતા.

"આત્મબળ દ્વારા નોકરશાહી જેવી પણ સુધરી શકે એમ તમે માનો છો, અને છતાં તમારા જ ભાઈઓ આ કાપડીયા– તેમને વિષે ધીરજ ખોઈ બેસો છો એ જરા વિચિત્ર નથી ?"

"વિચિત્ર હોય કે ન હોય; હું માનું છું કે સુધરશે તો એ બન્ને સાથે સુધરવાના છે. સ્વદેશી કે પરદેશી એવો કોમી સવાલ અહીં નથી. બન્નેનો સ્વાર્થ સમાન છે. આ કાપડીયાઓને લીધે નોકરશાહી ટકી છે અને નોકરશાહી છે ત્યાં સુધી જ કાપડીયા ટકવાના છે. એટલે બન્ને એક જ છે."

"પણ આ કાપડીયાઓ પરદેશી કાપડ લઈને કંઈ પોતાને ઘેર ઓછા જ રાખે છે ? કાપડીયાઓના કરતાં તેમની પાસેથી કાપડ ખરીદનાર ઘરાકો તો હજારગણા હોય છે. એટલે તમારે હિસાબે એ બધા ઘરાકો પણ એ જ જાતના ? ત્યારે સ્વરાજ્ય જોઇયે છીયે કોને ?"

---

* નવજીવન તા. ૨૭–૭–૧૯૨૨

“ દુઃખની વાત છે, પણ તમે કહો છો તે સાચેસાચું લાગે છે. ”

“ ના. સાચું નથી. સ્વરાજ્ય તો દરેક હિન્દીને જોઇયે છે. આજની સ્થિતિમાં દરેક જણ દુઃખી છે. પણ તે સર્વ-માન્ય દુઃખ દૂર કરવા માટે થોડું વ્યકિતગત દુઃખ વધારે વેઠી લેવું જોઇયે એ લોકો સમજતા નથી. એ સમજશે ત્યારે લોકો પરદેશી કાપડને ખોળામાં આવી પડેલા સર્પની પેઠે ફેંકી દેશે. ”

“ પણ બીજા વર્ગો તો કંઇક સ્વાર્થત્યાગ કરે છે. વકીલ વકીલાત છોડે છે, વિદ્યાર્થીઓ શાળાઓ છોડે છે, કેટલાકોએ ઇલ્કાબો છોડયા, એ ભલે ન ગણીયે. પણ કેટલાક પોલીસો પણ એવા નીકળ્યા છે કે જેમણે દેશદાઝ ખાતર પોતાની નોકરી છોડી દીધી. પણ પરદેશી કાપડના વેપાર બંધ કરનાર વેપારી સોગન ખાવાને મળવો દુર્લભ છે. મહાત્માજીએ લોકોને વીનવી વીનવી તેમના ઘરના ઉંમરા ઘસી નાંખ્યા ત્યારે કોઇક કહે છે અમે બે મહિના વિલાયતી કાપડ નહિ મંગાવીયે, તો કોઇ કહે છ મહિના. બસ, હદ વળી. અને તેમાંયે વચન તોડી અથવા બીજાને નામે વેપાર ચલાવી મહાત્માજીને ઠગનાર પણ ઓછા નીકળ્યા નથી. ”

“ અને પોતાનો વિલાયતી કાપડનો વેપાર સાવ છોડી દેનારના પણ દાખલાઓ છે; જો કે એવા દાખલાઓ આંગળીને વેઢે ગણાય એટલા જ છે. મોટો ભાગ તો પોતાનો વેપાર ન છોડી શકનારનો જ છે. ”

“ એટલું જ નહિ, પણ કેટલાયે એમ જ કહે છે કે ઘરાક પરદેશી કાપડ લે છે માટે અમે મંગાવીયે છીયે.

લેનાર જ ન મળે તો અમારે શા સારૂ વિદેશી લઇ આવવું પડે ? તેમને જ જઇને ઉપદેશ કરો ને."

"આવો જવાબ આપી તેઓ પોતાની અને પોતાના ધંધાની પ્રતિષ્ઠા ખોઇ બેસે છે એ તેમના ધ્યાનમાં નથી આવતું. તમારે એવો જવાબ કાને ધરવો જ નહિ. તેઓ આમ બોલે છે, કારણ તેઓ જીવ પર આવેલા હોય છે. **લોકો માગે છે તે માલ અમે પુરો પાડવાના એવી દલીલ પ્રતિષ્ઠિત લોકો ન કરે. એ તો કલાલ જેવા લોકોની દલીલ થઇ.** જે ધંધો સમાજહિતનો હોય, અથવા કંઇ નહિ તો જે ધંધાથી સમાજનું અહિત ન થતું હોય એવો જ ધંધો આબરૂદાર માણસ કરી શકે. લોકો જેવી કેળવણી માગે છે એવી જ અમે આપીયે છીયે, લોકો જેવી નવલકથાઓ માગે છે તેવી જ અમે લખીયે છીયે અથવા પ્રસિદ્ધ કરીયે છીયે, લોકો જેનાથી ખુશ થાય છે તેવી જ સિનેમા ફીલ્મો અમારે તૈયાર કરવી પડે છે, એમ કહી તે તે લોકો પોતપોતાના ધંધાનાં મહત્ત્વ અને આબરૂ ખોઈ બેસે છે. પણ તે તો હાલના નીતિશૂન્ય સંપત્તિશાસ્ત્રની અસર છે. તે ધીમે ધીમે કહાડી નાંખવી પડશે."

"પણ ધીમે ધીમે એટલે ક્યારે ? દેશનું સત્યાનાશ વળી રહ્યા પછી ?"

"ધીરજ રાખીયે અને યોગ્ય રીતે કામ લઇયે તો તમે ધારો છો તેના કરતાં બહુ જલદીથી આપણે ઇષ્ટ પરિણામ જોઇ શકીયે."

"ઠંડી ચર્ચામાં આવો આશાવાદ કામ આવે ખરો. તમે જાણતા નથી કે ભાઇ શ્રી જવાહરલાલે તેમજ દેવદાસે

એ લોકોને મનાવવાની કેટલી બધી મહેનત કરી હતી? આટલું બધું જાણતા છતાં આમ કેમ બોલો છો?"

"ભાઈ, જાણું છું, બધું બરાબર જાણું છું, અને તેથી જ આમ બોલું છું. કાપડીયાઓ આપણા જ દેશબન્ધુઓ છે. આપણા જ સમાજના છે. તેઓ કંઇ પરદેશથી આવેલા નથી કે તમે એમને દેશમાંથી હાંકી કહાડો. તેઓની કંઈ જુદી સ્વતંત્ર ન્યાત પણ નથી. આપણે જ કાપડ વેચવાનો ધંધો કરીને કાપડીયા બનીયે છીયે. નિરાશ થયે કેમ ચાલે? જેઓ સોગન ખાઈ તોડે છે તેમને સોગન આપતા પહેલાં આપણે વિચાર કરવો જોઇયે. સોગનનું મહત્ત્વ તેઓ સ્વીકારે એવી દશામાં પ્રથમ તો તેમને લાવવા જોઇયે. ન્યાત મારફત કોઇનો દંડ કરીયે તે પહેલાં ન્યાત વિષે તે માણસોમાં આદર છે કે નહિ એ જેવું જોઇયે. નહિ તો સમાજમાં વિપ્લવ ઉભો કર્યાનું પાપ આપણને લાગે. ન્યાત જબરદસ્તીથી દંડ વસુલ કરશે તો દંડ આપનાર દ્વેષી અને બીકણ બનશે અને આપણો ઉદ્દેશ અફળ જશે."

"ત્યારે શું આવા લોકો આગળ ધર્મશાસ્ત્રો વાંચવાં અને પ્રેમનાં વ્યાખ્યાનો આપવાં એમ તમારૂં કહેવું છે?"

"કાપડીયાઓની સ્થિતિ કેવી હોય છે તેનો વિચાર કરો તો મારૂં શું કહેવું છે તે સમજી શકો. તેઓ કોઈ કાળે અંગમહેનત કરતા નથી. બધું કામ નોકરો મારફતે કરાવે છે. ખાવાપીવાને હમેશાં માલમલીદા જોઇયે. એવી તેમની ટેવો. બીજો ધંધો તેમને આવડે નહિ. તેમનાં બૈરાંઓને કિંમતી કપડાં અને ઘરેણાં ન મળે તો તેએ

રીસાઈ બેસે. એવી અજ્ઞાન અને અપંગ દશામાં તેઓ રહે છે, અને છતાં એ જ દશાને તેઓ પોતાનો વૈભવ માને છે. અને આપણે પણ આજ સુધી તે દશાને ભારે સુખનું સાધન માની તેની અવળખા જ કરતા આવ્યા છીયે."

"હા, એ વાત સાચી છે. પણ તેમની એ ટેવો કેમ કરીને સુધરે ?"

"ઉપાય એક જ છે. જે શબ્દ સાંભળી સાંભળી તમે કંટાળ્યા હશો તે જ — સમાજની આત્મશુદ્ધિ. કાપડીયાઓને બીક બતાવ્યે ચાલશે નહિ. અધીરા થઇ તેમને ગાળો આપવા જઇયે તો નુકસાન જ થવાનું. નિરાશ થઇ તેમને છોડી દેવા એ આપણો ધર્મ નથી. કાપડીયાઓને પજવ્યા વગર અને તેમની નિન્દા કર્યા વગર પરદેશી કાપડનો વેપાર કરવાના ધંધાની પ્રતિષ્ટા આપણે સમાજમાં ઘટાડી નાખી શકીયે."

"હા, જેમ વકીલોનું આપણે કર્યું તેમ કેની ? તેમ બની શકે ?"

"કેમ ન બને ? પણ વકીલો આજ સુધી ઓછુંવત્તું સાર્વજનિક કામ કરતા આવેલા હોવાથી તેઓને સામાજિક પ્રતિષ્ટાનો રંગ લાગ્યો હતો. વળી વકીલો ગમે તેટલું કમાતા હોય, તોપણ તેમની સ્થિતિ દાડીયા મજુર જેવી જ. કમાય ત્યાં સુધી જ ખાય. વકીલ પાસે ઝાઝો સંગ્રહ ન હોય. પણ કાપડીયાઓની સ્થિતિ તેવી નથી."

"ત્યારે શું નૈતિક ઉપદેશક બની સ્વ૦ પઢીયારની પેઠે તેમને સાચું સ્વર્ગ અને સ્વર્ગની સીડી સંભળાવવા

૧૦૩૩૦

બેસવું ? અને એટલા બધા પટાવાળા આપણે લાવીએ પણ ક્યાંથી ? જાહેરની સેવા કરવી એટલે રાજદ્વારી હીલચાલ કરવી એટલું જ આજ સુધી મનાતું. હવે તો તમે રેંટીયો ચલાવવાનું કહો છો. અને પટાવાળા પણ બનવાનું કહો છો."

"સ્વરાજ્યની આડે આવતાં બધાં વિઘ્નો દરેક શકય અને ધર્મ્ય રીતે દૂર કર્યે જ છૂટકો. આપણે કાપડીયાઓને તેમની અપંગ દશાનું ભાન કરાવવું જોઈએ. પરદેશી કાપડનો વેપાર ઝાઝા દિવસ ટકવાનો નથી. તે બંધ કરવામાં તેઓ મદદ કરે તો સમાજ તેમનો કાયમનો ઋણી રહેશે અને તેમ નહિ કરે તો સમાજમાં તેમની પ્રતિષ્ઠા રહેવાની નથી, એ તેમને બરાબર સમજાવવું જોઈએ. પણ તેમાં પ્રત્યક્ષ કે છુપી ધમકી ન જ હોવી જોઈએ. અમુક માણસ પાસે પૈસો છે એટલા માટે જ તે સમાજમાં પ્રતિષ્ઠા ભોગવે એ બંધ થવું જોઈએ. તેની સાથે માણસ પૈસાદાર હોય એટલા જ કારણસર તે દેશભક્તિ સમજી ન શકે એવી તેમને વિષેની નિરાશા પણ છોડી દેવી જોઈએ. કોઈ માણસ સમાજથી અળગો નથી હોતો. એટલે યોગ્ય દિશામાં પ્રયત્ન કરીએ તો દરેક જણ ઉપર સમાજની અસર પાડી શકાય. સતત પ્રયત્ન કરવાથી નાના લોકો પણ મોટા ઉપર અસર પાડી શકે છે; વિખવાદથી નહિ, પણ પ્રેમથી."

"તત્ત્વ તરીકે તમારી વાત સાચી છે, પણ આજ સુધી અમે પ્રત્યક્ષ કાર્ય કરતા આવ્યા છીયે, અને અમને ખબર છે કે એ કામ કેટલું અઘરૂં છે."

"હા, હું સ્વીકારૂં છું કે જેઓ પ્રત્યક્ષ કામ કરે છે તેમને જ અમુક કામમાં અગવડો કેટલી હોય છે તેનો ખ્યાલ

હોય છે. પણ કામ કરનાર દરેક જણ શ્રદ્ધાવાન હોય જ એમ નથી. એક જ દિશામાં કામ કરનાર માણસની દૃષ્ટિ કેટલીક વાર સંકુચિત રહી જાય છે. કામ અઘરૂં છે માટે જ તો તમારા જેવાંના પુરુષાર્થની અપેક્ષા રહે છે. સહેલું કામ તો ગમે તે કરી શકે. પણ તેની કિમ્મત પણ તેટલી જ હોય છે.

આપણે કાપડીયાઓને છોડવાની વાત જ ન હોય. એક તરફ ઘરાકોને સમજાવીયે અને બીજી તરફથી કાપડીયાઓને રહેણીમાં ફેરફાર કરવાને આપણે પ્રેરણા કરવી જોઇયે. તેમની ખાત્રી થવી જોઇયે. સજાનો ભય બતાવવાનો નથી. સામાજિક આદર્શ બદલાતાં પરદેશી કાપડનો વેપાર સમાજમાં આબરૂદાર ધંધો ગણાતો બંધ થશે. નોકરો ઉપર આધાર રાખી અપંગ થયેલાઓની આપણે ખુલ્લી રીતે દયા ખાઇશું તો તેવી સ્થિતિમાં રહેવામાં તેમને મગરૂર થવા જેવું કશું લાગવાનું નથી. સમાજની તેમના પ્રત્યેની દૃષ્ટિ આમ બદલાતાં એ લોકો જોતજોતામાં સમજી જશે. અને જેને પરાવલંબી ધંધો કરવો પડે છે તે તેવો ધંધો છોડવો પડે તો ભીખ માગવાનો પ્રસંગ ન આવે એટલા માટે બીજો કોઇક સ્વાવલંબી ધંધો શીખી રાખશે. આટલું ન થાય ત્યાં સુધી માણસ પોતાનો ચાલુ ધંધો કેમ છોડે? કાપડીયાઓ તમે કહો તેટલું દાન કરશે, પણ તેમની દૃષ્ટિ સુધરશે નહિ, અને તેમને બીજો ધંધો જડશે નહિ ત્યાં સુધી પોતાની આજીવિકાનો આધાર જેના ઉપર છે તેવો ધંધો કોઈ ઝટ છોડે એવી અપેક્ષા રાખવી વ્યર્થ છે. જે ફેરફાર ઉપર સૂચવ્યો છે તે દિશામાં પ્રયાસ કરીયે

તો તેમાં આપણે ન ફાવીયે એમ નથી. વળી તે રીતે કામ કરતાં ઘણાં વર્ષો જોઇશે એમ પણ માનવાનું કારણ નથી. લાયક માણસોએ એ દિશામાં પ્રયત્ન કરવો જ જોઇયે. સ્વદેશીવ્રત લઈ પાવન થયેલા કાપડીયાઓ પોતે જ જો આ કામ હાથમાં લેશે તો ફળસિદ્ધિ બહુ જ વહેલી થશે."

"તમારી આશા ભારે છે. હું તો એટલું જ કહી શકું કે તથાસ્તુ ।"

વેપારીઓની પ્રતિજ્ઞા

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* "ચીખલીના વેપારીઓનું અભિનંદન કરવામાં તમે ઉતાવળ કરી છે. વેપારીઓ યુક્તિબાજ હોય છે; પ્રતિજ્ઞા લઇને પણ તેઓ વધારે કમાવાની યુકિત શોધે છે. આજે પરદેશી કાપડનો ઉપાડ નથી, દુકાનમાં પડેલું પરદેશી કાપડ કાઢી નાંખતાં ઘણી મુસીબત પડે છે. એવે વખતે ચોકી શરૂ થાય એટલે બહારથી પરદેશી કાપડ આવવાનું નહિ, અને પરદેશી કાપડની માગણી વધવાની. પ્રતિજ્ઞા લેનાર કાપડીયાઓની દુકાન પર પહેરો રહેશે નહિ, એટલે પરદેશી કાપડના ભૂખ્યા ઘરાકો વગર હરકતે ત્યાં જવાના અને એક બે મહિનાની અંદર સારે ભાવે પરદેશી કાપડ નીકળી જવાનું. ત્યાર પછી ચોકીની હીલચાલ ટકશે તો જોઇ લેવાશે. પ્રતિજ્ઞા બનતાં સુધી ટુંક મુદતની રાખી હોય એટલે કંઇ વાંધો નહિ. પરદેશી

---

* નવજીવન તા. ૩-૧૨-૧૯૨૨

કાપડ ન લાવવા પુરતી જ **પ્રતિજ્ઞા** છે; વેચવામાં તો વાંધો નથી જ."

એક ભાઇએ આ જાતની ટીકા કરી છે. ચીખલીના વેપારીઓની પ્રતિજ્ઞામાં માંડવાળનો પ્રકાર છે જ. ગાંધીજીના કારાવાસને કારણે લીધેલી પ્રતિજ્ઞા ગાંધીજી કારાવાસમાંથી છુટી આવે ત્યાં સુધી તો ટકવી જ જોઇયે. ખરૂં જોતાં તો પરદેશી કાપડના વેપારથી જ્યાં સુધી દેશનું નુકસાન થાય છે ત્યાં સુધી, એટલે કે સ્વરાજ્ય મળે નહિ ત્યાં સુધી પરદેશી કાપડ ન લાવવાની પ્રતિજ્ઞા કાપડીયાઓએ લેવી જોઇયે. સ્વરાજ્ય મળ્યા પછી સ્વરાજ્યસરકાર પરદેશી કાપડ બંધ કરવાની જવાબદારી પોતાને માથે લઇ લેશે.

છતાં અમને નથી લાગતું કે ચીખલીના વેપારીઓને ધન્યવાદ આપવામાં અમે જરાયે ઉતાવળ કરી છે. જે પ્રતિજ્ઞાના સાક્ષી ભાઇશ્રી કલ્યાણજી જેવા ફકીર છે તે પ્રતિજ્ઞામાં નાસી જવાની બારીઓ, મનની ચોરી અથવા દેશના નાશમાં પોતાનો લાભ જોવાની નીચ વૃત્તિ હશે એવી કલ્પના પણ કરવી અશક્ય છે.

ચીખલીના વેપારીઓની પ્રતિજ્ઞામાં દેશલાગણી છે, પણ તેની સાથે એક જાતનું નબળાપણું પણ છે. બીજા વેપારીઓ પરદેશીનો વેપાર ચલાવશે, અને આપણે પ્રતિજ્ઞાથી બંધાયેલા હોવાથી પરદેશીનો વેપાર ન કરી શકીયે ને નાહક ખુવાર થઇયે એવી બીક તેમના મનમાં રહે છે. તેઓ એમ વિચાર નથી કરતા કે દુનીયામાં કેટલા યે એવા ધંધા છે કે જે બીજાઓ કરે છે અને તાલેવાન થાય છે, છતાં આપણે તેનું નામ લેતાં પણ શરમાઇયે છીયે.

કાપડીયાઓની એવી દલીલ છે કે અમારે તો સ્વદેશી કાપડનો જ વેપાર કરવો છે, પણ ઘરાકને માટે થોડું પરદેશી કાપડ રાખ્યું હોય તો ઘરાક બીજે ન જાય. આ દલીલમાં જરાયે વજુદ નથી. જ્યાં એકલી ખાદી જ વેચાય છે, અથવા જ્યાં અમુક દેશી મીલનું જ કાપડ વેચાય છે ત્યાં ઘરાકી ક્યાં ઓછી હોય છે? ચોકી શરૂ થયા પછી કાપડીયાઓને તેઓ ધારે છે તેથી ઉલટો જ અનુભવ થવાનો છે. તેમને અનુભવ થશે કે દુકાનમાં પરદેશી કાપડ રાખવાથી સ્વદેશીનાં ઘરાક પણ બીજે જાય છે. ચોકી કરનાર સ્વયંસેવકો લોકોને પરદેશી કાપડ લેતાં વારશે એટલું જ નહિ, પણ તેમને ખાદીની દુકાનનો રસ્તો યે બતાવશે અથવા પોતે જ ઘરાકોને જોઇતી જાતની ખાદી પૂરી પાડશે.

હેરાની ઉપયોગિતા

[લે: ગાંધીજી]

*'ઇન્ડીયન સોશલ રિફૉર્મર' પોતાની હમેશની જોરાવર શૈલીમાં દારૂનાં પીઠાંઓ પર હાલ ચાલી રહેલા પહેરાઓ ઉપર લખતાં એવા પહેરાઓની ઉપયોગિતાને વિષે સવાલ ઉઠાવે છે. એની દલીલોનો જવાબ આપવા કરતાં આ બાબતમાં મારા વિચારો અને અનુભવ જ

* નવજીવન તા. ૧૦-૭-૧૯૨૧

માત્ર આપીને હું ટૂંકાવીશ. કોઈ પણ બાબતમાં આવો પહેરો સ્વાભાવિક રીતે ટૂંક મુદતને સારૂ જ હોય એ તો ખુલ્લું છે. પણ એનો ઉપયોગ જ ઓસડમાં રહેલા ગરમાવાના જેવો છે. દારૂ પીવાની લતને કુછંદના કરતાં રોગ કહેવો એ જ વધારે સાચું છે. મેં કેટલાંયે એવાં માણસો જોયાં છે જેઓ, તેમનાથી દારૂ છોડી શકાતો હોય તો અબઘડી રાજી થઈને છોડે. 'ભલા થઈને એ લાલચને અમારી આંખ સામે ન લાવો' એમ પણ કેટલાયને વીનવતા જોયા છે; અને એમના કહેવા મુજબ એ લાલચને દૂર ખસેડ્યા છતાં ચોરીથી ચાલ્યા જઈને પણ પીધા વિના જેમનાથી નથી રહેવાતું એવાઓને પણ મેં જોયા છે.

આમ જે લાલચમાં પડીને માણસ પોતાની ઈચ્છા વિરુદ્ધ પાપ કરવા પ્રેરાય છે તેને તેની સામેથી ખસેડવામાં મને કશું અજુગતું નથી દેખાતું. રોગી માણસને ઘણીવાર તેની પોતાની મરજી સામે જવામાં મદદ કરવી પડે છે. જો મારા દીકરાને જુગારનો છંદ વળગ્યો હોય અને કોઈ જુગારખાનાવાળો તેને લલચાવવા મારા ઘરની સામેનું જ મકાન રાખી લઈને ત્યાં પોતાનું જુગારખાનું ઉઘાડે, તો કાં તો મારે એ જુગારખાનું બળ વાપરીને તોડી પાડવું રહ્યું, અગર તો બને તો મારો છોકરો એમાં જતાં શરમનો માર્યો પણ અટકે એવું કરવા મારે એ જુગારખાનાની આસપાસ મારાં માણસોની ચોકી બેસાડવી રહી. મારા ઘરથી થોડે જ દૂર બીજાં જુગારખાનાં હોય, ત્યાં પણ મારો છોકરો જઈને બગડી આવી શકે એ બધું સાચું; પણ તે ઉપરથી હું મારા ઘર સામેના જુગારખાનાં ફરતી

મારાં માણસોની ચોકી મુકવામાં કોઈ રીતે ગેરવ્યાજબી ઠરતો નથી. મારે તો મારા છોકરાને માટે બને તે બધા પ્રયત્નો કરીને જુગાર ખેલવાનું મુશ્કેલ કરી મુકવું રહ્યું.

પણ ' રિફૉર્મર 'ને જો રાજ્ય તરફથી દારૂની અટકાયત થવાને લગતો સિદ્ધાન્ત માન્ય હોય તો તો, રાજ્ય જ્યાં સુધી લોકમતને છાપરે ફગાવીને પ્રજા ઉપર કેવળ જુલમનો દોર ચલાવનારી જ એક સંસ્થા છે ત્યાં સુધી એવી દારૂની બદી અટકાવવાને સારૂ પીઠાં પર પહેરા કરવાની વાતને પણ એ જ સિદ્ધાન્તની રૂએ અનાયાસે જ સ્વાકારવી રહી. દાખલા તરીકે કાલે સવારે ઉઠીને કોઇ સરકાર પોળે પોળે અને મહોલ્લે મહોલ્લે સરકારી મકાનો બાંધીને તેમાં વ્યભિચારખાનાંઓ ખોલે અને તેમને તેમનો ધંધો ચલાવવાના પરવાના આપવા કહાડે, તો પ્રજાએ શું કરવું ? જો એવાં વ્યભિચારખાનાંને જમીનદોસ્ત કરવાનું પગલું તેઓ ન લે તો શું તેવાં મકાનોની ચોમેર ક્વૉરેન્ટાઇન મુકીને એવી બળજોરીભરી રીતે પાથરેલી લાલચની એ બળતી આગમાં પડવામાંથી લોકોને બચાવવાનો બંદોબસ્ત કરવાની પ્રજાની ચોખ્ખી ફરજ નથી ? આ કાર્યને માટે ચારિત્ર્યવાન સ્રીપુરુષોએ જ રોકાવું જોઇયે અને જે લોકો પહેરો કરનારાઓની વીનવણી–આજીજીઓની ઉપરવટ થઇને જબરાઇથી પીઠાંમાં પીવા જાય તેમની કશી જ સતામણી ન થાય એ વિષે પુરેપુરી સંભાળ રહેવી જોઇયે, એ મને મંજુર છે. લોકોને વ્યસનથી દૂર રાખવાના પ્રયત્નમાં જ્યારે રાજ્ય આગેવાની કરતું હોય ત્યારે આવી જાતના પહેરા કરવા એ પ્રત્યેક શહેરીનો, પ્રજાના

પ્રત્યેક સમજુ સભ્યનો ધર્મ છે. પોલીસનો સિપાઇ જ ચોરની સામે પહેરો કરનાર નહિ તો બીજું શું છે? ચોર જ્યારે બીજાના ઘરમાં પેસવાનો ઇરાદો દેખાડી આપે છે ત્યારે પોલીસ પોતાની બંદુકનો ઉપયોગ કરીને તેને અટકાવે છે, અને પીઠાં પર પહેરો કરનાર નાગરિક કે સ્વયંસેવક પોતાના એવા દારૂ પીવા જનાર દુર્બળ બન્ધુને કેવળ શરમનું, ખાનદાનીનું, પ્રેમનું દબાણ રજુ કરીને ચેતવે છે, અટકાવવાને પ્રયત્ન કરે છે. પીઠાં પરના પહેરામાં આથી વધુ અર્થ કશો છે જ નહિ.

પ્રતિજ્ઞાભંગનો ઈલાજ

[લે: ગાંધીજી]

*ઝરીયાથી જે પત્ર મને સવિનય ભંગની યાદ દેવડાવનારો આવ્યો તેમાં એક દુ:ખદ ખબર પણ છે. ત્યાંના વેપારીઓએ પરદેશી કાપડ નહિ મંગાવવાની પ્રતિજ્ઞા લીધેલી તે તોડી છે, એમ ખબરપત્રો લખે છે. વેપારીને પ્રતિજ્ઞાની જેટલી પ્રાચીન કાળમાં કિંમત હતી તેટલી જ આ કાળમાં ઓછી થઇ ગઇ લાગે છે. આમ પ્રતિજ્ઞાભંગની ખબરો કલકત્તેથી પણ આવી છે. આવે સમયે જો પિકેટિંગ–ચોકી–ન કરે તો માણસ શું કરે એ પ્રશ્ન ખડો થાય છે. શાન્ત ચોકી કરવાનો આપણો હક છે એમાં તો મને જરા પણ

*નવજીવન તા. ૨૬-૨-૧૯૨૨

શંકા નથી. શાન્ત ચોકી પણ હમેશાં શાન્ત નથી હોતી એમ હું જાણું છું, તેથી એ ચોકીની સામે થયા કરૂં છું. વળી પરદેશી કાપડનો અણગમો જ્યાં સુધી સામાન્ય ન થઇ ગયો હોય ત્યાં લગી ચોકી કરવી અયોગ્ય લાગ્યાં કરે છે. જે રિવાજની સામે લોકમત પુરો ન કેળવાયો હોય તે રિવાજ દૂર કરવાની ચોકીને લોકમત સહન ન કરે એવું પણ બને. આ એક પક્ષ.

બીજો પક્ષ એ છે કે જ્યાં પ્રતિજ્ઞાભંગ થાય ત્યાં ભંગ કરનારને શરમાવનારા અને ભંગ કરનારથી લોકોને સાવધાન કરનારા કંઇ ઇલાજ આપણી પાસે હોવા જ જોઇયે. તે ઇલાજો પૈકી બે વિવેકી ઇલાજો છે—એક ચોકી ને બીજો સંબન્ધત્યાગ. બન્નેમાં ભાવ એક જ રહેલો છે. જે વેપારી પાકેલી હુંડી પાછી વાળે તેની સાથે તો વ્યવહાર બંધ કરવાનો સમાજનો હક છે. આ સંબન્ધત્યાગમાં જ્ઞાતિ-બહિષ્કાર કે સેવાબહિષ્કાર નથી આવતો, પણ કેવળ વ્યાપારત્યાગ આવે છે. આવો ત્યાગ હમેશાં શક્ય નથી હોતો, તેથી ચોકી એ જ એક વ્યવહારૂ ને સરળ રસ્તો રહે છે. મહાસમિતિની બેઠક પહેલાં હું આ નોંધ (મંગળવારે) લખી રહ્યો છું. સમિતિ શો નિર્ણય કરે છે તે જોવાનું છે, પણ ઝરીયાના ગૃહસ્થોને તો હું એટલી જ સલાહ આપું કે જ્યાં ચોખ્ખો પ્રતિજ્ઞાભંગ થયો છે ત્યાં કેવળ શાન્તિમય ચોકી કરવાનો તેઓને અધિકાર છે. તે અધિકારનો ઉપયોગ કરતાં પહેલાં તેઓ વચનભંગ કરેલા ગૃહસ્થોની પાસે જાય ને તેઓને વીનવે અને ચેતવે એ જરૂરનું છે. બધા પ્રતિબંધોને વિષે એટલું યાદ રાખવું

જોઇયે કે પ્રતિબંધો શાન્તિ જાળવવાને ખાતર મુકવામાં આવે છે. જ્યાં શાન્તિભંગ થવાનો લેશ માત્ર પણ ભય નથી ત્યાં ચોકીનો પ્રતિબંધ હોવા છતાં ચોકી કરાય. રામજસ બાબુ જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થને કોઇ વચનભંગ કરેલ વેપારીની દુકાનની ચોકી કરતાં કોણ રોકે? હા, એટલી શરત ખરી કે તેમનાથી પણ સાથે હજાર સ્વયંસેવકોની ટુકડી રાખીને ચોકી ન કરાય. જે ચોકીમાં હેતુ ભય ઉપજાવવાનો નહિ પણ શરમ ઉપજાવવાનો જ છે તેમાં ચોકીદારો અનેક ન હોય પણ બે ચાર જ હોય; જાણીતા હોય ને ચારિત્ર્યવાન હોય.

પણ મારી તો વેપારી માત્રને દીન વિનંતી છે કે તેઓ પ્રજાને કે મહાસભાના સેવકોને ચોકીની ઉપાધિમાં કે જવાબદારીમાં ન જ રોકે. પરદેશી કાપડનો ત્યાગ દેશમાં ખૂબ થઇ રહ્યો છે. દેશના લાખો રૂપીયા તેથી બચી ગયા છે, ગરીબોના ઘરમાં તેમાંના હજારો પેસી ગયા છે. આવી અર્થ અને ધર્મલાભની પ્રવૃત્તિને તેઓ પોતાના સ્વાર્થને ખાતર વચનભંગ કરીને કેમ રોકે? તેમની ચોકી કરવી પડે એ તેઓથી કેમ સહ્યું જાય? **વેપારી અને પતિવ્રતા નાર એક સ્થિતિમાં હોવાં જોઇયે. બન્નેએ પોતાની ચોકીથી લજ્જિત થવું જોઇયે.** જેમ પતિવ્રતા નાર પોતાના શીયળનો ભંગ કરે ત્યારે પ્રજા ઉપર ભારે આઘાત પહોંચે છે તેમ જ વેપારી જ્યારે વચનભંગ કરે ત્યારે પ્રજા ઉપર ભારે પ્રહાર કરે છે. વેપારીઓ આ ધર્મયજ્ઞમાં શું પોતાનાં વચનો પાળવાજોગો પણ ભાગ નહિ લે?

ચોકીનો ઉદ્દેશ

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

*પરદેશી સામે આપણે જે ચોકી કરવા નીકળ્યા છીએ તે કાંઈ સરકાર સામે ઝુંબેશ ઉઠાવી જેલ જવા સારૂ નથી. જ્યારે ઘરનું જ આત્મશુદ્ધિનું કામ બાકી રહ્યું છે ત્યારે જેલ જઈ સરકારની ધર્મબુદ્ધિ જાગૃત કરવાનું કામ આજે આપણે માથે ન હોય. સરકારમાં ધર્મબુદ્ધિ જેવી કંઇકે ચીજ હોય તો તે જાગૃત કરવા સારૂ એકલા મહાત્માજીનું જેલ જવુ બસ છે. આજે આપણું કામ પોતે જ ધર્મનિષ્ઠ થવાનું છે. સ્વદેશીવ્રતનો ભંગ કરી આપણે જે સ્વરાજ્યદ્રોહનું પાપ કર્યું છે તે ધોઈ કાઢવું એ પ્રથમ કાર્ય છે.

સવિનય ભંગ અથવા ધર્મયુદ્ધ એ સ્વરાજ્યનું સાધન છે, પણ સ્વદેશીનો સાર્વત્રિક પ્રચાર એ તે ધર્મયુદ્ધનો પાયો છે. એ પાયો દૃઢ ન થાય ત્યાં સુધી આપણે સ્વરાજ્યની ઝુંબેશ માટે લાયક ન ગણાઈયે.

સ્વદેશીના પ્રચારમાં બે વસ્તુઓ અંતરાયરૂપ છે. એક પરદેશીનો મોહ અને બીજું દેશકાર્યને માટે શાન્ત અને સ્થિર કાર્ય કરવા વિષે ઉ સીનતા.

આ બન્ને વસ્તુઓ એકસામટી કાઢી નાંખવી જોઇયે. ખાદીનો પ્રચાર કરવામાં જેમણે અત્યાર સુધી તન, મન, ધન અર્પણ કર્યાં છે અને જેઓ હજી પણ કરી રહ્યા છે, તેમની

*નવજીવન તા. ૫-૧૧-૧૯૨૨

નિઃસ્વાર્થ અને નિરભિમાન સેવા જોઇને પણ પરદેશી વિષે આપણા મનમાં અણગમો પેદા થવો જોઇતો હતો. દુઃખની વાત છે કે સ્વદેશીની પાછળ પોતાનો ધંધો, પોતાની કેળવણી અને ગૃહસુખ જતાં કરનાર લોકોની સેવા જોયાં છતાં પરદેશી કાપડનો મોહ ન છોડનાર વ્યકિતઓ સમાજમાં પડેલી છે. જગાડવાના તો તેમને છે. આજે આપણે જે ચોકીદાર માગીયે છીયે તે આ કામ કરવા માટે જોઇયે છે. રચનાત્મક કાર્ય કરનારાઓને જ ચોકીમાં દાખલ થવાનું કહીયે તો ગુજરાતે દેવાળું કાઢ્યું એમ જ કહેવું પડશે. રચનાત્મક કાર્યક્રમ અમલમાં લાવનાર લોકોને જોઇતું વાતાવરણ તૈયાર કરી આપવું એ આપણું કામ છે.

પરદેશી કાપડ ખરીદવું, વેચવું અને વાપરવું તે રાષ્ટ્રીય પાપ છે એ વાત લોકોના મનમાં ત્યારે ઠસી શકશે કે જ્યારે પ્રતિષ્ઠિત અને પ્રૌઢ લોકો ઘેર ઘેર જઇ પોતાના હૃદયની વેદના પ્રગટ કરશે. દુકાનો પર પહેરો ભરવાનો, તે દુકાનદારોને હેરાન કરવા માટે નથી, પણ પરદેશી કાપડ ખરીદનાર લોકોને સમજાવવાનું અનુકૂળ સ્થાન ત્યાં જ છે એટલા માટે છે.

ચોકીમાં જબરદસ્તી નથી એ સિદ્ધ કરવાનું કામ આપણું છે. જબરદસ્તી વગર ચોકી કેમ થાય છે તેનો દાખલો ગુજરાત બતાવી શકશે એમાં શક નથી. અને તેમ થાય તો એટલે દરજ્જે આપણે સામાજિક પ્રગતિ કરી ગણાય. અને સ્વરાજ્યનું પણ તે એક મહત્ત્વનું પગથીયું હશે.

પરદેશી સામે પહેરો

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* કલકત્તામાં વિદેશી કાપડની દુકાનો પર પહેરો ભરવાનું કામ શરૂ થયાના ખબર આવ્યા છે. આજની સ્થિતિમાં પહેરો ભરવાનું કામ યોગ્ય ગણાય કે નહિ એ વિષે ચર્ચા ચાલે છે. અમુક મર્યાદામાં પહેરો ભરવો એ માણસમાત્રનો હક છે એમાં શક નથી. પણ દરેક પ્રસંગમાં માણસ પોતાનો હક અમલમાં મુકી શકે જ છે એમ નથી. એક ઠેકાણે પહેરો ભરવાનું કામ યોગ્ય હોય અને બીજે ઠેકાણે તે યોગ્ય ન હોય એમ બને. કોઈ ઠેકાણે વેપારીઓએ પોતાનો ધર્મ સમજી લઈ સ્વેચ્છાપૂર્વક પરદેશી કાપડ ન વેચવાની પ્રતિજ્ઞા લીધી હોય અને છતાં જો તેઓ તેવો માલ વેચવાની લાલચમાં સપડાયા હોય તો ત્યાં પહેરો ભરી શકાય. એમાં વેપારીના મોહ સામે તેની ધર્મબુદ્ધિને મદદ કરવાનો હેતુ હોય છે. જ્યાં લોકો પરદેશી કપડાં ખરીદવાં એમાં દેશદ્રોહ છે અને પાપ છે એમ સમજતા થયા હોય ત્યાં તેમને પણ મોહમાંથી બચાવવા સારૂ પહેરો ભરી શકાય. અમુક વસ્તુ ખરાબ છે એમ જાણતો છતાં તેનું સેવન કરવા જેટલો માણસ દુર્બળ થઈ જાય છે ત્યારે તેનાં સગાંવ્હાલાં અને ઇષ્ટમિત્રની ફરજ છે કે તેઓ તેને સન્માર્ગે કાયમ રહેવામાં મદદ કરે.

એ કહેવાની જરૂર નથી કે પહેરો ભરવામાં જબરદસ્તીનો સ્પર્શ સરખો ન હોવો જોઇયે. જબરદસ્તીવાળા પહેરાથી સફળતા

*નવજીવન તા.૬-૮-૧૯૨૨

મળે તોપણ તે સ્વરાજ્યને મદદ ન કરી શકે. આપણે સ્વરાજ્યને નિર્ભય કરવા માગીયે છીયે. ભય તો એક ઇશ્વરનો જ હોય. બાકીના બધા ભયો જ્યારે નીકળી જાય ત્યારે તે પ્રજાને એક ક્ષણને માટે પણ કોણ દાસત્વમાં રાખી શકે? રાજભય, લોકભય, મૃત્યુભય, ગરીબાઇને ભય, મહેનતનો ભય, એવા ભયો જ આપણને નિર્માલ્ય બનાવે છે. ભયથી માણસમાં સુધારો થયો દેખાય તો તે બાહ્ય સુધારો છે. પાપભયથી જે સુધારો થાય છે તે જ સાચો સુધારો. માટે પહેરો ભરવામાં આપણે નબળા લોકોના વિરોધી થવા માગત નથી, પણ તેમના મદદગાર તરીકે ત્યાં જઇયે છીયે એ ધ્યાનમાં રહેવું જોઇયે.

પહેરો ભરવાનું કામ એક રીતે તો યુદ્ધ જેવું છે. લોકોમાં મોહ અને દુર્બળતા પેસવાને માટે એક પણ દ્વાર રહે નહિ એટલા માટે જ્યારે પહેરો ભરીયે ત્યારે અમુક વસ્તીમાં જેટલી દુકાનો હોય તેટલી બધી જ પહેરાના અમલ નીચે લઇ લેવી જોઇયે. નહિ તો બધી મહેનત ફોકટ જાય. છતાં હારજીતની દૃષ્ટિએ પહેરાને યુદ્ધ ન ગણવું જોઇયે. તત્કાળને માટે આપણે કેટલા લોકોને રોકયા એ ઉપર દૃષ્ટિ રાખવા કરતાં કેટલા લોકો ઉપર આપણે કાયમની અસર કરી શકયા તેનો આપણે વિચાર કરવો ઘટે.

ગમે તે માણસ પહેરો ભરવા ન જઇ શકે એ તો સૌ કોઇ સ્વીકારે. જે પુરૂષ કે સ્ત્રી સ્વચ્છ નૈતિક અસર પાડી શકે તેઓ જ પહેરો ભરી શકે છે. એવાઓની સંખ્યા સમાજમાં હમેશાં અલ્પ હોય. એવાઓ પહેરો ભરતાં જો જેલ જાય તો એમણે ઉપાડેલું કામ ગમે તેમ કરીને આગળ ચલાવવું જ જોઇયે

એવા મમતથી, મળે તેવા માણસોને પહેરા ઉપર ઉભા રાખવા એમાં વિજય નથી પણ પરાજય જ છે. મનુષ્યબળ ખુટે ત્યારે લડત બંધ જ કરવી જોઇયે. એમાં હાર નથી પણ જીત જ છે. સંખ્યાયુદ્ધમાં જ્યારે મનુષ્યબળ ખુટે છે ત્યારે હાર થઈ મનાય છે. પણ નૈતિક યુદ્ધમાં હાર જેવી વસ્તુ હોતી જ નથી. સંખ્યાયુદ્ધમાં જેટલા લોકો ખપી ગયા અથવા કેદ કે ઘાયલ થયા તેટલી આપણી શક્તિ ઓછી થઇ એમ ગણાય છે. નૈતિક યુદ્ધનો હિસાબ એથી ઉલટો છે. જેટલા ઘાયલ અથવા કેદ થાય તેટલી આપણી શક્તિ વધતી જાય છે. જમીનમાં દટાય એટલે બીજ જેમ ઉગી નીકળે છે, તેમ કેદ થયેલો માણસ વધારેમાં વધારે નૈતિક અસર કરે છે. નૈતિક યુદ્ધમાં ખપી ગયેલા માણસની અસર તો કોઈ કાળે બંધ થતી જ નથી. કાર્યની દૃષ્ટિએ નૈતિક યુદ્ધમાં ખપી ગયેલા માણસ અમર થાય છે. તેથી માણસો ખુટ્યા તોપણ આપણી લડત ચાલ્યાં જ કરે છે એ ભૂલી ન જવું જોઇયે. પહેરો ભરવાના કામમાં અમુક લોકો કેદ થયા પછી બીજા સજ્જનોને તે કામ હાથમાં લેવાને ઉત્સાહ થાય એ સંભવે છે અને તે રીતે પહેરો ભરનારની સેનામાં ઉમેરો થઇ શકે છે એ પણ સાચું છે. અમારૂં કહેવું એટલું જ છે કે ઉપાડેલી લડત ગમે તેમ આગળ ચલાવવાના મોહથી આપણે ગમે તેવા માણસોને પહેરો ભરવાના કામમાં ન જ વળગાડવા જોઇયે.

આ બધું વિવેચન જ્યાં પહેરો શરૂ થયો હોય ત્યાંને માટે છે. પણ પહેરો ભરવાનું કામ શરૂ કરવું કે ન કરવું તેનો વિચાર તો સૌથી પ્રથમ થવો જોઇયે. દારૂનાં પીઠાં આગળ પહેરો ભરવો અને પરદેશી કાપડની દુકાન સામે પહેરો ભરવો એ બે ભિન્ન વસ્તુઓ છે. દારૂ પીનાર માણસને શોધી કહાડી ખાનગી

રીતે તેની પાસે જવું એ સ્હેલું નથી. પરદેશી કાપડ વાપરનાર વિષે તેમ નથી. સમાજમાં દરેક માણસનો કેટલાક લોકો સાથે સ્વાભાવિક સંબન્ધ બંધાયેલો હોય છે. આ રીતે આખો સમાજ એકબીજા સાથે બંધાયેલો છે. પરદેશી કાપડ વાપરવું એમાં અધર્મ છે, તેમાં દેશ સામે ગુન્હો છે એ વાત જેમના મનમાં ઠસી ગઈ છે તેઓ સ્વાભાવિક રીતે પોતાના સંબન્ધમાં આવતા લોકોને ઉપદેશ કરી શકે છે અને તેમના ઉપર ખાનગી રીતે પ્રેમનું નૈતિક દબાણ ચલાવી શકે છે. આવા દબાણથી માઠી અસર નથી થતી, અને આ રીતે જ આપણે વધારે ફાવી શકીયે છીયે. આવું કામ કરનારની સેવા જાહેરમાં ન આવી શકે, તેને દેશસેવકની પદવી ન મળે, એ ખરૂં છે; પણ ઇશ્વરને ત્યાં તેની સેવાની નોંધ જરૂર થશે અને સમાજમાં પણ તેની પ્રતિષ્ઠા વધશે.

આવું કામ એક વાર શરૂ થયું એટલે તેનો વિસ્તાર કેટલો ઝપાટાથી થાય છે એનો ખ્યાલ અનુભવ લીધા વગર આવે તેમ નથી. સમાજમ આજે જે અનેક નીતિબંધનો પળાય છે તેનું કારણ એ જ છે કે ખાનગી જીવનમાં દરેક સજ્જન પોતાના સંબન્ધીઓને સારા રસ્તા પર રાખવાને માટે પ્રયત્ન કરવાની પોતાની ફરજ કંટાળ્યા કે ઢીલ કર્યા વગર અદા કરતો આવ્યો છે.

આપણે પરદેશી કાપડની બાબતમાં આવો ખાનગી પ્રયત્ન વધારે ઉલટથી કરવાની જરૂર છે. આ રીતે કાપડીયાઓ ઉપર પણ અસર પાડવી અશક્ય નથી.

જે લોકો આ રીતે સમાજની અંદર પોતાનું કર્તવ્ય પાળતા આવ્યા છે તેમને જ્યારે લાગી આવે કે હવે દુકાનો ઉપર પણ

પહેરો ભરવાની જરૂર છે ત્યારે તેઓ આ લેખના પ્રથમ ભાગમાં બતાવેલી મર્યાદામાં રહીને પહેરો ભરવાનું કામ જરૂર કરે.

બારડોલી—દિલ્હીના ઠરાવ

દારૂની ચોકી જેટલી જરૂરી છે તેટલી જ પરદેશી કાપડ પર ચોકી કરવાની પણ જરૂર છે એવી ખબરો અનેક ઠેકાણેથી આવવાથી, મહાસમિતિ આવી ચોકી, ખાતરીની હોય તેવી, બારડોલીના ઠરાવમાં દારૂની ચોકી સંબન્ધી જે નિયમો જણાવેલા છે તે જ નિયમોએ કરવાની છૂટ આપે છે.

(તા. ૧૧–૨–૧૯૨૨)

શાન્તિમય વાતાવરણ ઉભું કરવાના હેતુથી કારોબારી સમિતિ સૌ મહાસમિતિઓને સલાહ આપે છે કે બીજી સૂચનાઓ મળતાં સુધી તેમણે મહાસભાની સામાન્ય પ્રવૃત્તિઓ (જ્યાં સંપૂર્ણ શાન્તિમય વાતાવરણની ખાતરી મળી શકે ત્યાં ઐચ્છિક હડતાળ સુદ્ધાં) સિવાયની ખાસ પકડાઇને જેલ જવાના હેતુથી ઉપાડેલી પ્રવૃત્તિઓ બંધ રાખવી; અને એમ કરવા માટે દારૂનાં પીઠાંમાં જનાર માણસોને મદ્યપાનનાં અનિષ્ટોથી દૂર રહેવાનું સમજાવવાના શુદ્ધ અને શાન્ત હેતુથી પહેરા ભરવા સિવાય બધા પહેરા બંધ કરવા, તથા દારૂનાં પીઠાં પરના પહેરા પણ જાણીતા શુદ્ધ ચારિત્ર્યવાળા અને સ્થાનિક મહાસમિતિઓએ ખાસ પસંદ કરેલા માણસો પાસે જ ભરાવવા.

(તા. ૨૫–૨–૧૯૨૨)

ચોકીમાં જબરદસ્તી?

[લે: ગાંધીજી]

*જલગામથી શ્રી પીરોજશા તેમુલજી મીસ્તરી જણાવે છે કે તેમની પાસે દારૂનું પીઠું છે. તેઓ બાળપણથી જ એ ધંધામાં રોકાયેલા છે. તેમને બહોળું કુટુંબ છે. તેમની ઉમ્મર એકાવન વર્ષની છે. તેઓ જણાવે છે કે જો તેઓ દુકાન છોડે તો બીજા ચાર હિન્દુ તો તે લેવા તૈયાર જ બેઠા છે. આવી સ્થિતિમાં તે પોતાનો ધંધો છોડી પોતાનો ને પોતાના કુટુંબનો નિર્વાહ કરવા સારૂ અપંગ બને તેમાં હાંસલ શું? દારૂનો ધંધો કંઈ તેથી બંધ થવાનો? આવી આ ભાઈની દલીલ છે. તેમના પ્રત્યે મારી લાગણી છે. તેમની મુશ્કેલી સમજવા જેવી છે. પણ આવાં ધર્મસંકટોમાંથી નીકળી જવું એમાં જ પુરુષાર્થ છે. જો આ ભાઈ દારૂ પીવો કે વેચવો પાપ માને તો ઉપરની દલીલ આપવાપણું નથી રહેતું. **હજારો લોકો પાપ કર્મ કરે છે છતાં તેટલા ઉપરથી આપણને પાપ કરવાનો અધિકાર નથી મળતો. અને પાપ કરીને જ આપણે કુટુંબનિર્વાહ કરતા હોઇયે તો તેના કરતાં ભીખ માગીને નિર્વાહ કરવો એ વધારે સારૂં છે.**

એ ભાઇ પોતાના કાગળમાં કેટલીક ખબરો આપે છે એ જાણવા જેવી છે; ને તે ખેદકારક છે. તેઓ લખે છે કે પોતે દેશી દારૂ વેચે છે તેને સ્વયંસેવકો પજવણી કરે છે

*નવજીવન તા. ૮-૫-૧૯૨૧

પણ વિલાયતી દારૂ પીનારને તો રોકવાની કે કહેવાની પણ તેઓની હિમ્મત નથી ચાલતી. વળી તેઓ લખે છે કે સ્વયંસેવકો કંઈ માત્ર સમજાવે છે જ એમ નથી. તેઓ તો દુકાનને ઘેરો ઘાલે છે, ગાળો દે છે, જુના નોકરોને ધમકી આપે છે, જો ધમકીથી કામ ન સરે તો માર પણ મારે છે. પીઠાવાળાના હાથમાંથી દારૂ છીનવી લે છે. દારૂ હોવાનો જેની ઉપર શક આવે તેના ઘરની તો જડતી લે છે; તેવાઓનાં બજારપાણી બંધ કરવામાં આવે છે; દુકાનમાંથી કોઇ નીકળે તો તેનું મ્હોડું કાળું કરી તેને ગધેડા પર બેસાડી ફેરવે છે!

આ બધી ફરીયાદ સાચી હોય એમ કાગળ ઉપરથી જણાય છે. જો એમ હોય તો એ હકીકતો સ્વયંસેવકોને ખરેખર શરમાવનારી છે. દારૂ પીનારને સમજાવવાની જેટલી આપણી ફરજ છે તેટલી જ ફરજ તેઓના શરીરની રક્ષા કરવાની પણ છે. દારૂડીયાઓ પાસે દારૂ છોડાવવામાં જો આપણે જબરદસ્તીનો ઉપયોગ કરીશું તો દારૂ છુટવાનો નથી એટલું જ નહિ, પણ આપણી લડતને ધક્કો પહોંચશે. દરેક જગ્યાના સ્વયંસેવકોએ જાણવું જોઇયે કે તેઓને કોઇની ઉપર જબરદસ્તી કરવાનો હક છે જ નહિ. તેઓએ રીતસર વિનયપૂર્વક જે પ્રયાસો કરવા યોગ્ય હોય તે જ કરવા, એટલે કે દુકાનો નજીક ઉભા રહી દારૂ પીનારને વિનયપૂર્વક સમજાવવા; તેમના કુટુંબીઓને સમજાવવા; તેમની ન્યાતવાળાઓને કહેવું. આ ઉપરાંત આપણને કંઇ પણ દબાણ મુકવાનો અધિકાર જ નથી. પ્રજાને મારીને પુણ્યવાન પણ

બનાવાય. જેઓને પાપી થવું હોય તેને પાપ કરવાનો અખત્યાર છે જ. પાપ કરવાની છુટ હોવા છતાં જે પાપ નથી કરતો તે જ પુણ્યવાન કહેવાય ને તેવાઓથી જ દેશને ફાયદો થાય. જો પાપને મટાડવા જબરદસ્તી કરવાનું તત્ત્વ દાખલ કરીયે તો જે દોષને સારૂ આપણે સરકારને રાક્ષસી માનીયે છીયે તે જ દોષ આપણામાં આવી જશે ને આપણે પણ રાક્ષસી બનીશું.

અમદાવાદની સ્વયંસેવિકાઓ

[લે: ગાંધીજી]

* રતનપોળમાં ખાદીપ્રચારનું કામ કરનારી સ્વયંસેવિકાઓના કામની તવારીખ મારી પાસે પડી છે. સેવિકાઓએ કરેલો પરદેશી કાપડના વેપારીઓ સાથેનો સંવાદ તેમાં છે. કાપડ લેવા આવનારી બહેનોની સાથે થયેલી વાતચીતની નોંધ પણ તેમાં છે.

આ બહેનોએ પરદેશી કપડાં ખરીદવા જનાર બહેનોની સાથે વાત કરી તેનું પરિણામ એ આવ્યું કે ખરીદવાને બદલે તેઓ પાછી ગઇ ને પરદેશી કપડાં નહિ લે એમ કબુલ કર્યું. વેપારીઓને સમજાવતાં વેપારીઓ ન સમજ્યા. તેઓએ તો બહેનોને ઉડાવી: 'આટલો માલ છે તે તો વેચ્યે જ છુટકો;

*નવજીવન તા. ૨૬-૨-૧૯૨૨

પછી પરદેશી કાપડ નહિં લઇયે.' આનો અર્થ કંઇજ ન થયો, એમ સહુ કોઇ જાણે છે. જે માણસ ખીસામાં પડેલી બીડી કે બાટલીમાં પડેલો દારૂ પીધા પછી બીડી કે દારૂ છોડવાનો વિચાર કરે તે કદિ છોડી શકે જ નહિ. પીનાર પોતાની પાસે રહેલાં બીડા કે દારૂ ફેંકી દે છે ત્યારે જ મુક્ત થાય છે. પડેલો માલ વેચનારનો ભંડાર કોઇ દહાડો ખુટે જ નહિ એવું બને છે. વળી વેપારીએ કહ્યું: ' અમે હમણાં ન વેચીયે તો અમને ખોટ જાય તે કોણ ભરે ?' આમાં અવિવેક હતો. દેશને ખાતર એટલી સામાન્ય અગવડ પણ જે માણસ ન સહે તેની પાસેથી શી આશા રખાય ? ઘરાકી ન હોય ત્યારે, બજાર મંદ પડે છે ત્યારે, લૂંટ થાય છે ત્યારે, નુકસાની કોણ ભરે છે ? દેશહિતને ખાતર જે ત્યાજ્ય વેપાર છે એમ આપણને ખબર પડે છે તેનો ત્યાગ કરવો એમાં શો આપભોગ છે એ જ હું તો નથી સમજતો.

પણ આવી સ્થિતિમાં બહેનોએ શું કરવું ? બહેનોએ લોકોને વિનયપૂર્વક સમજાવવા; મહેણાં ન મારવાં, પણ ધીરજથી લાભાલાભની દલીલ કરવી; અને તેમ છતાં પણ ન માને તો શાન્ત થવું, પણ વધારે દલીલમાં ઉતરી વિખવાદ વહોરી ન લેવો. જેઓની પાસે જથાબંધ પરદેશી માલ પડયો હોય તેઓની આશા રાખવી તેના કરતાં જેઓ થોડું પરદેશી કાપડ ખરીદવા આવે છે તેમની સમજ પર, તેમના દેશાભિમાન પર વધારે વિશ્વાસ રાખવો એ જ ઇષ્ટ છે.

આદર્શ ચોકી

[લે: અબ્બાસ તૈયબજી]

* ચોકીની બાબતમાં મને ભારે અનુભવ નથી એ હું કબુલ કરૂં છું, કારણકે આવાં કામ કરવાના બે પ્રસંગ જ મને મળ્યા છે. એક પ્રસંગે ખેડા જીલ્લાના કલેકટરે હુકમ કાઢીને સરકારી શાળાઓ પર ચોકી કરવાની મનાઈ કરી તેથી તે હુકમનો ભંગ કરવા ખાતર નડીયાદમાં મેં ચોકી કરી હતી. બીજે પ્રસંગે બોરસદમાં પરદેશી કાપડની દુકાનો પર ચોકી ભરી હતી.

આ બન્ને પ્રસંગે મારા હૃદયમાં એક વાત ખુબ રમી રહેલી હતી, કે ચોકી થાય તો તે એવી રીતે થવી જોઇયે કે જેમની ઉપર ચોકી કરીયે તેમની અને ચોકીદારોની વચ્ચે કડવાશ પેદા ન થવા પામે. શાળાઓની ચોકી હું એવી ઢબે કરવા માગતો હતો કે સરકારી અમલદારો અને વિદ્યાર્થીઓની તથા અમારી વચ્ચે કંઈ કડવાશ થાય નહિ. પરદેશી કાપડની દુકાનોની ચોકી પણ હું એવી ઢબે જ કરવા માગતો હતો કે દુકાનદાર અને ઘરાકની ને અમારી વચ્ચે કંઇ કડવાશ થાય નહિ. આપણી ચોકીને લીધે જો આવાં બૂરાં પરિણામ આવે તો બહારથી ગમે તેટલી જીત દેખાતી હોવા છતાં મારે હાર જ કબુલ કરી લેવી જોઇયે એ મને બરાબર સમજાઈ ગયું હતું.

જે સ્વયંસેવકો મારી દેખરેખ નીચે ચોકીનું કામ કરતા હતા તેમની ડોકમાં "સરકારી શાળામાં જવું એ મોટું પાપ છે,"

* નવજીવન તા. ૧૯-૧૧-૧૯૨૨

"પરદેશી કપડું ખરીદવું એ મોટું પાપ છે," એવાં વાક્યો લખેલાં પાટીયાં ટાંગેલાં હતા. આથી તેઓના મિજાજ ઘણા ખુશ બની ગયા હતા. મેં પોતે પણ તેવું પાટીયું ડોકમાં પહેર્યું હતું. અમે શાળાઓની અને દુકાનોની પાસે પાટીયાં પહેરીને ફરતા રહેતા. ચોકીદારો અને વિદ્યાર્થીઓ તેમજ દુકાનદારો વચ્ચેનો સંબન્ધ ગુલાબી હતો. પોલીસના માણસો તેમજ કલેકટર સાહેબ સમજી ગયા હતા કે સરકારે કાઢેલા મુર્ખાઈભિરેલા કાયદાનો અમે ભંગ કરતા ન હોવાથી અમને પકડા ન શકાય. કલેકટર સાહેબ પોતે હું નડીયાદના સ્ટેશન પાસે આવેલા છાત્રાલયની ચોકી કરી રહ્યો હતો તે વખતે મારી ઉપર ધસી આવેલા. તેમનો આશય મને પકડવાનો જ હશે એમ હું ધારૂં છું. પણ પાસે આવી અમારાં પાટીયાંમાં લખેલું વાક્ય વાંચ્યું ત્યારે તેમનાથી હસી પડયા વગર ન રહેવાયું, અને અમે કાયદો ભંગ કરતા નથી એવો સંતોષ પામીને તે ચાલ્યા ગયા. વિદ્યાર્થીઓની જોડે અમે વાતચીત કરતા તે પણ બહુ સ્નેહપૂર્વક કરતા હતા. જેટલો વખત અમે ચોકી કરી છે તેટલા વખતનું પરિણામ સંપૂર્ણ આશા આપનારૂં હતું. અમે શાળાઓની ચોકી ઝાઝા દિવસ ચાલુ રાખી નહિ, કારણ કે અમારો ઉદ્દેશ તો કલેકટર સાહેબનો હુકમ અફળ કરવા પૂરતો જ હતો, અને તે અમે અફળ કરી બતાવ્યો.

અમે બોરસદમાં પરદેશી કાપડની દુકાનોની ચોકી કરેલી તે પણ પૂરી ફત્તેહમંદ થઈ હતી. એટલી ખુશમિજાજીથી ચોકી ચલાવવામાં આવતી હતી કે દુકાનદારો પોતે અમારા

દોસ્ત જેવા બની ગયા હતા અને બપોરના તડકા વખતે પોતાની દુકાનમાં જઇને બેસવાની અમને વિનંતિ કરતા હતા. તે દુકાનદારો જાતે જ, કોઈ પરદેશી કાપડ તેમને ત્યાં લેવા આવતું તેને સ્વદેશી લેવાની ભલામણ કરતા હતા. અમે ઘરાકોને વધુપડતું દબાણ ન કરતાં સ્વદેશી માલ લેવામાં રહેલું હિત સમજાવી શક્યા. સ્વયંસેવકોએ કોઇને દમ ભરાવ્યો હોય અથવા તેઓ કોઈ જોડે અણછાજતી રીતે વર્ત્યા હોય એવી કોઈ વેપારીને તેમની સામે ફરીયાદ કરવાનું કારણ મળ્યું નહોતું.

જે ચોકીને સારૂ આપણે તૈયારી કરવાની છે તે આવી ચોકી છે. જેમની ઉપર ચોકી કરીયે તેમનાં દિલ પ્રેમ વડે વશ કરી લેવાં જોઇયે. તેમને ભય બતાવીને વશ કરવાનો વિચાર આપણે છોડી દેવો જોઇયે. નહિ તો ચોકી એ એવું પાપમય શસ્ત્ર થઈ પડશે કે તેનો ત્યાગ કરીયે એમાં જ કલ્યાણ છે.

સ્વદેશી સેના

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* પરદેશીએ હિન્દુસ્તાનનું સત્યાનાશ વાળ્યું છે અને સ્વદેશી એ જ હિન્દુસ્તાનનું ઉદ્ધારક છે એ હવે સૌ કોઇ

* નવજીવન તા. ૧૫-૧૦-૧૯૨૨

જાણતા થયા છે. જ્યાં સુધી લોકો તે જાણતા ન હતા ત્યાં સુધી દેશના આગેવાનોએ સમજાવવાનું કામ કર્યું, ઉપદેશ કરવામાં જીવન ગાળ્યું. હવે તે કામ પૂરૂં થયું છે. હજી જો સ્વદેશીનો પૂરેપૂરો પ્રચાર ન થયો હોય તો તેનું કારણ લોકોનું અજ્ઞાન નથી, પણ લોકોમાં રહેલો મોહ, તેમની દુર્બળતા, પામર મોજશોખની લોલુપતા, દેશના હિત તરફ બેદરકારી અને પોતાનાં બાળબચ્ચાં તરફ સાચા વ્હાલનો અભાવ, એ જ છે.

આ પતિત દશા સામે મોટાનો ઉપદેશ શા ખપનો? ઇતિહાસનો જૂનો અનુભવ છે કે વીર લોકોના બલિદાનથી જ સમાજની પામરતા મોટે ભાગે નષ્ટ થાય છે. સ્વદેશીમાં જેમને શ્રદ્ધા છે, પરદેશીને જેઓ પોતાના અને પોતાનાં બાળબચ્ચાંના શત્રુ તરીકે ઓળખે છે તેઓએ હવે પરદેશી સામે ધર્મયુદ્ધ પોકારવું જોઇયે; કેમકે પરદેશીમાં દેશદ્રોહ રહેલો છે, ધર્મદ્રોહ રહેલો છે, બન્ધુદ્રોહ રહેલો છે.

પરદેશીમાં બન્ધુદ્રોહ રહેલો છે એ જાણ્યા પછી એમ કહેવાની જરૂર નથી રહેતી, કે પરદેશીને હદપાર કરવામાં આપણે એક પણ પગલું એવું ન ભરીયે કે જેથી આપણામાં બન્ધુદ્રોહ આવે. સ્વાર્થને લીધે કે જડતાને લીધે જેઓ દેશદ્રોહ કરી રહ્યા છે તેમના પ્રત્યે પણ આપણે ક્ષમાવૃત્તિ જ કેળવવી જોઇયે. રોગીનો રોગ જેમ આપણે દૂર કરીયે છીયે તેમ જ આપણે આપણા ભૂલતા દેશભાઇઓને પરદેશીના પાપમાંથી છોડવવા જોઇયે.

ગુજરાત ઉપર આ મોટામાં મોટી જોખમદારી છે. ગુજરાતે સ્વદેશીની દીક્ષા લીધી છે, છતાં ગુજરાતમાં પરદેશીનો વેપાર ધમધોકાર ચાલે છે. સ્વદેશીનો પ્રચાર કરવા ગુજરાતમાં સાધનસમ્પત્તિ ઘણી અનુકૂળ છે, છતાં પરદેશીનો પગપેસારો પણ ગુજરાતમાં ઓછો નથી. તેથી ગુજરાતની શુદ્ધિમાં હિન્દુસ્તાનની શુદ્ધિ રહેલી છે; ગુજરાતના ઉદ્ધારમાં હિન્દુસ્તાનનો ઉદ્ધાર રહેલો છે. ગાંધીજીએ ખોટા ખ્યાલો અને ખોટા રસ્તાથી ગુજરાતને બચાવ્યું છે. ગાંધીજી સાથે રહીને અનેક લડતો લડી ગુજરાતે સાચો રસ્તો જાણ્યો છે અને કંઈક શ્રદ્ધા કેળવી છે. પ્રેમધર્મને તોડયા વગર, અહિંસાની મર્યાદા ઓળંગ્યા વગર અને સમાજમાં કોઈ જાતની કડવાશ કે વેરભાવ ઊભાં કર્યા વગર પરદેશી સામે ધર્મયુદ્ધ ચલાવી વિજય કેમ મેળવાય એ ગુજરાતે હવે કરી બતાવવું જોઈએ.

ગુજરાતમાં સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓની ઉણપ નથી; ગુજરાતમાં સંપ છે; મતભેદના ઝગડા ગુજરાતમાં નહિ જેવા જ છે. માટે આ યુદ્ધ ઉપાડવાને ગુજરાતમાં વિશેષ લાયકાત છે એમાં શક નથી. માત્ર લડત ઉપાડતાં પહેલાં ગુજરાતના શૂર દેશસેવકોએ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે આ લડત અધવચથી છોડી દેવાની નથી. ગુજરાતની બધી શક્તિ, બધો નિશ્ચય અને આજ સુધીની બધી કમાઈ આની પાછળ ખર્ચી નાંખવી જોઈએ. ગુજરાતે પોતાની અત્યાર સુધીની પ્રતિષ્ઠા, લાજ અને આબરૂ બધું આ યુદ્ધમાં હોડમાં મુકવું જોઈએ. આ યુદ્ધમાં હારીને પાછા હઠવાપણું હોઈ જ ન શકે.

દેશમાં હવે બધે ખાદી તૈયાર થાય જ છે; ખાદીને લીધે આપણા કપડાંના ખર્ચમાં સુન્દર ઘટાડો થયો છે, આપણું જીવન સાદું થયું છે. છતાં આ સ્થિતિમાં પણ જેઓ ખાદીનો ખર્ચ ન કરવા જેટલા કંગાલ હોય તેમને માટે દેશી મીલનું કાપડ પૂરતું છે. હવે પરદેશી કાપડનો એક વાર પણ ગુજરાતમાં રહેવાને કારણ નથી. આજે જે ઢગલાબંધ પરદેશી કાપડ ગુજરાતમાં છે તે આપણા બન્ધુદ્રોહ અને અધાર્મિકતાની નિશાની તરીકે જ રહેલું છે. એ કલંક ધોઇ કાઢવાનો વખત ક્યારનો આવી ચુક્યો છે. ગુજરાતે પરદેશી સામેના યુદ્ધની નોબત હવે વગાડવી જ જોઇએ.

આ મહાન યુદ્ધને માટે આપણે તૈયારી પણ તેટલી જ મોટી કરવી જોઇયે. જેઓ પોતે શુદ્ધ થયા છે, જેમણે પોતાના કુટુમ્બમાં સ્વદેશીની પૂરેપૂરી અસર પાડી છે, તેઓ જ ધર્મ-વીર થવાને લાયક છે. જેમનામાં આ બાબતમાં કચાશ રહી હોય તેઓ ઘેર બેઠાં આ યુદ્ધની સાથે સહાનુભૂતિ દર્શાવી શકે છે, પરોક્ષ મદદ કરી શકે છે; પણ તેઓ આ ધર્મયુદ્ધની સેનામાં તો ન જ જોડાય. અંગત વેર વાળવાની હલકી વૃત્તિનો લેશ પણ કોઇના મનમાં રહ્યો હોય તો તેણે તે પ્રથમ ધોઇ નાંખવો જોઇયે, પોતાના વેરીની ક્ષમા માગવી જોઇયે અને પછી જ આ સેનામાં જોડાવું જોઇયે. આ સેનામાં જેઓ જોડાય તેઓ આ પવિત્ર દીક્ષાથી ધર્મબન્ધુ બની જાય છે. તેમણે એકબીજા પ્રત્યે પ્રેમ અને આદર કેળવવા જોઇયે અને જેઓ આ યુદ્ધમાં ગમે તે કારણસર વિઘ્નકર્તા બની બેસે તેમની પ્રત્યે પણ સંપૂર્ણ અહિંસાવૃત્તિ ધારણ કરવી જોઇયે.

સ્વદેશી સેનામાં દાખલ થયા પછી પણ જો કોઇને અનુભવ થાય કે તે પોતે અહિંસક રહી શકતો—કે રહી શકતી—નથી તો તેણે તરત જ સેનામાંથી રાજીનામું આપી દેવું જોઇયે. આપણી સંખ્યા ઓછી થશે તેમાં નામોશી નથી; પણ આપણી શુદ્ધિ ઓછી થશે તેમાં નામોશી રહેલી છે એટલું જ નહિ, પણ તેમાં અધઃપાત અને પરાજય રહેલાં છે. જેમ આજ સુધી સંન્યાસીઓનો વંશ ખુટેલો નથી, તેમ શુદ્ધ ધર્મવીરોની સેનાનો કોઇ કાળે નાશ થનાર નથી. એક પડશે ત્યાં એકવીશ જાગશે. ફક્ત આપણે આપણી અહિંસા અને પ્રેમની દીક્ષાને વફાદાર રહેવું જોઇયે. ગુજરાતની આ જ ખરી કસોટી છે. ગુજરાતે એ મહિનાની અંદર સ્વદેશી સેના ઉભી કરી યુદ્ધની નોબત વગાડવી જોઇયે.

ગુજરાતને સંદેશ

[લે: મોહનલાલ કામેશ્વર પંડ્યા]

* હે ગુજરાતી વાચકો ! હે ભાઇઓ ! હું તમને શો સંદેશો આપું ? મારામાં તેવી તાકાત નથી, તપશ્ચર્યા પણ નથી. મને જડીબુટ્ટી મળેલી નથી કે જેથી નાગનું ઝેર મને ન ચડે. પણ એક વાત મને ખુંચખુંચ થાય છે, કે બાપુજીનો તેમના બાળકોની પરદેશી મોહિનીમાંથી રક્ષા

* નવજીવન તા. ૧૯-૧૧-૧૯૨૨

કરવાનો વારસો તેમનો મંત્ર પચાવનાર ગુજરાતના યુવાનોને મળ્યો છે. ગુજરાતનાં બાળકો અને બાળકીઓને નાગના પાશામાંથી બચાવવાનું અને ચેતાવવાનું કામ આપણે માથે આવી પડ્યું છે. બાપુજીએ જે નગરને પોતાનું સ્થાન બનાવી તીર્થક્ષેત્રમાં ફેરવી નાંખ્યું તે રાજનગરના હે નાગ-રીકો અને નાગારકણો, હે ખેડાના વીર સત્યાગ્રહીઓ, કે જે ભૂમિ ઉપર બાપુજીએ લાગલાગટ છ માસ સુધી ગામડે ગામડે ફરી—રખડી, સત્ય અને નિર્ભયતાનો પ્રથમ પાઠ ભણાવ્યો; હે પંચમહાલીઓ, જેઓ એક વખતે પોતાના શરીર ઉપરના ચામડાથી બાપુજીના પગના જોડા કરાવવા તૈયાર થયા હતા અને તેવાં ગાન ગાતા હતા; હે ભરૂચનિવાસી પ્રેમીજનો, જેમના ઉપર બાપુજીને ખૂબ શ્રદ્ધા છે; અને છેવટે, હે સુરતી લાલાઓ અને બારડોલીવાસીઓ, જેમણે સ્વરાજ્યનું બીડું ઝડપ્યું છે અને જેઓ દુનીયાના પડ ઉપરથી ભૂંસાઈ જવું પડે તોપણ બાપુજીની સરદારી નીચે અપૂર્વ આપભોગ આપી, સ્વરાજ્ય હાંસલ કરી, ભારતમાતાની લોખંડી બેડીઓ તોડાવી દુનીયામાં નવા સિદ્ધાન્તની સ્થાપના કરવા તૈયાર થયા છે; હે કાઠીયાવાડી ભાઇઓ, જે ભૂમિ વીરોની છે અને જેણે બાપુજી જેવા રત્નને જન્મ આપ્યો છે; આવા કટોકટીના પ્રસંગે પોતાની ફરજ બજાવવામાં પાછા ન પડજો.

એક એક છોકરો આપો

[લે: વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ]

સામ્રાજ્યના સ્તંભરૂપ પંજાબના બહાદુર અકાલીઓએ અહિંસા અને આત્મભોગનો આદર્શ યજ્ઞ આરંભ્યો છે. જાતના જોખમે જુદાં જુદાં રણક્ષેત્રોમાં અણીને અનેક પ્રસંગે સામ્રાજ્યની સેવા કરતાં દુશ્મનની તલવારના ઘા ઝીલ્યાનાં ચિહ્ન જેમના શરીર ઉપર મોજુદ છે, અને જેમની છાતી ઉપર સેવાની કદર બદલ સામ્રાજ્ય તરફથી મળેલા ચાંદ લટકે છે, એવા પંજાબના પહેલવાન અકાલીઓએ પોતાની કમરમાં કીરપાણ પડેલી હોવા છતાં એ જ સરકારના અમલદારોના હુકમથી પડતા પોલીસના સિપાઇઓની લાઠીના પ્રહાર મૂગે મ્હોડે સહન કર્યા. શસ્ત્રબળનો પ્રયોગ કાયરો ઉપર જ ચાલી શકે એવું ભાન થતાં મારપીટ કરવાનું છોડી દઈ સરકારે આખરે જેલખાનાં ઉપર જ આધાર રાખવાનું પસંદ કર્યું.

પંજાબની સરકારને નવાં જેલખાનાં વસાવવાં પડ્યાં છે. પાંચ હજાર ઉપરાંત અકાલીઓ જેલમાં જઈ ચુકયા છે. એક બાજુ દરરોજ એક સો અકાલીઓનો જથો કેદ પકડાય છે અને બીજી તરફ જેલ જનાર સિપાઇઓની ભરતી ચાલે છે.

અકાલીમાત્ર ખાદી સિવાય બીજું પહેરતા નથી. આ ધર્મયુદ્ધમાં અકાલી બહેનો અપૂર્વ હિંમત અને

ઉત્સાહ બતાવી રહેલી છે. પોલીસના મારથી ઘાયલ થયેલા સંખ્યાબંધ અકાલીઓની સારવાર માટે એક ઇસ્પીતાલ ખોલવામાં આવી છે. તેમની સારવારનું કામ અકાલી બ્હેનો કરે છે. ભરતીની છાવણીમાં પડેલા સેંકડો અકાલીઓને રસોઇ પકાવી જમાડવાનું અને માંદાઓની માવજત કરવાનું કામ અકાલી બહેનોએ ઉપાડી લીધું છે. આ કામમાં પણ લશ્કરી તાલીમ અને વ્યવસ્થા જોવામાં આવે છે. અકાલી બહેનો પણ એકલી ખાદી જ પહેરે છે.

પંજાબમાં આકાશના દેવતાઓ દર્શન કરવા ઉતરી આવે એવો આ ધર્મયજ્ઞ ચાલી રહ્યો છે તે વખતે આખા હિન્દુસ્તાનમાં અપૂર્વ શાન્તિ જામી ગયેલી છે. જે મહાયજ્ઞ કરવાનું ભાગ્ય બારડોલીને ન મળ્યું તે આજે મહાત્માજી જેલમાં છે તે વખતે અકાલીઓને પ્રાપ્ત થયું છે. અહિંસાની હાંસી કરનાર અને અસહકાર મરી ગયાના પોકાર કરનારનાં મ્હોં તેમણે બંધ કરી દીધાં છે.

ગુજરાતને અહિંસાત્મક અસહકાર ઉપર અકાલીઓ કરતાં ઓછી શ્રદ્ધા તો ન જ હોય. ગુજરાત એ સિદ્ધાન્તને જન્મ આપનાર છે. 'अहिंसा परमो धर्मः' એ જૈન ધર્મનો પાયો છે. ગુજરાત એ જૈન કોમનું મુખ્ય મથક છે. ત્યાં અહિંસા વિષે ભારે શ્રદ્ધા હોય એ સ્વાભાવિક છે. પણ અકાલીઓની હિંમત અને બહાદુરી, તેમની સહન કરવાની અને ભોગ આપવાની શક્તિ, તેમનો સંપ અને તેમની તાલીમ ગુજરાતમાં છે ? અકાલીઓને પોતાના ધર્મને માટે જે ધગશ લાગી છે તેવી ગુજરાતીઓને કે ગુજરાતના જૈનોને

પોતાના ધર્મને માટે લાગેલી છે? આના જવાબમાં 'ચૌરીચૌરા વચ્ચે ન આવ્યું હોત તો બારડોલી બતાવી આપત' એમ કહેવાથી ગુજરાતની આબરૂ ક્યાં સુધી ઢંકાશે? પરદેશી કાપડનો વેપાર મોટે ભાગે અહિંસાની પૂજારી જૈન કોમના જ હાથમાં છે, એ વાત જગતથી ક્યાં ઢાંકી રહેશે? પંજાબ ખાદીમય બની જાય તોપણ ગાંધીજીના ગુજરાતમાં પરદેશી કાપડનો મોહ ન છૂટે એ વાતનો ઢાંકપીછોડો કર્યે ક્યાં સુધી નભે? 'ઘરમાં છે એટલું પહેરી ફાડીશું, હવે નવું નહિ લાવીયે' એમ કહેનાર ગુજરાતીઓનાં ઘરમાંથી આજ ગાંધીજીને જેલ ગયાં આઠ માસ થઇ ગયા છતાં વિદેશી કાપડ ખૂટતું નથી અને ખાદીનો પ્રવેશ થતો નથી એનું કારણ શું? પરદેશી કાપડની એકે દુકાન ઉપડી ગયેલી જોવામાં આવતી નથી એનું કારણ શું?

'ગુજરાત ધારાસભાના બહિષ્કારમાં મક્કમ છે એ વિષે ગુજરાતમાં બે મત નથી' એમ કહ્યે ગુજરાતનું કાર્ય પૂરૂં થતું નથી. ગાંધીજીને ઓળખનાર ગુજરાતીઓ ધારાસભામાં જવાની વાત ન જ કરે એમાં શી નવાઇ? પણ એટલેથી ગુજરાતની જવાબદારી પૂરી થતી નથી.

ગાંધીજીની પાછળ ગાંડા થનાર, એમની હાજરીમાં એમની જય બોલનાર ગુજરાતીઓ! તમે જાગૃત થાઓ. ગુજરાતની લાજ રાખવી હોય તો આળસ છોડો, નહિ તો કાળ જશે અને કહેવત રહેશે કે જેને જગતે ઓળખ્યા એવા મહાત્મા ગાંધીજીને એક ગુજરાતે જ ન ઓળખ્યા.

ગુજરાત અને કાઠીયાવાડના સાચી દેશદાઝવાળા નૌજવાનોએ ગાંધીજી જેલમાંથી છુટે ત્યાં સુધી ફક્ત દેશસેવાનું જ કામ કરવાની પ્રતિજ્ઞા લેવી જોઇયે. ગુજરાતને મહાત્માજીના કાર્યક્રમમાં શ્રદ્ધા છે, ગુજરાત પાસે પૈસા છે, વ્યવસ્થા-શક્તિ છે, વિવેક છે; પણ ગુજરાતને કામદારોની એટલે સ્વયંસેવકોની ખોટ છે. જેને દેશદાઝ હોય તે તમામ ગુજરાતીઓએ પોતાનો એક એક છોકરો દેશસેવાના કામમાં આપી દેવો જોઇયે.

ગુજરાત પ્રાન્તિક સમિતિએ હમણાં તો ગુજરાત પાસેથી ફક્ત ૨૫૦૦ સ્વયંસેવકો માગ્યા છે. તા. ૧-૧૨-૨૨થી ગુજરાતમાં પરદેશી કાપડની દુકાનો ઉપર પહેરો ભરવાનું કામ શરૂ કરવાનું છે. આ કામ માટે જો ગુજરાતમાંથી ૨૫૦૦ સ્વયંસેવકો નહિ મળે તો ગુજરાતને દેશદાઝ કેટલી છે, ગુજરાતને ગાંધીજીને માટે લાગણી કેટલી છે એનું માપ આપોઆપ નીકળી રહેશે.

આ કામ માટે ગુજરાત, કાઠીયાવાડ અને કચ્છના કોઈ પણ ભાગમાંથી સ્વયંસેવકો લેવામાં આવશે. બહારથી આવનાર સ્વયંસેવકો માટે અનુકૂળ સ્થળે છાવણી નાંખી તેમના ખોરાક વગેરેનો બંદોબસ્ત કરવામાં આવશે. જેને સ્વયંસેવક થવાની ઇચ્છા હોય તેણે ગુજરાત પ્રાન્તિક સમિતિ પાસેથી પ્રતિજ્ઞાપત્ર મંગાવી ભરી મોકલવું.

સ્વયંસેવકની લાયકાત

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* સ્વદેશી સેનામાં ભરતી થનાર સ્વયંસેવકોએ જે શરતો પાળવાની છે તે પાળેલી છે કે નહિ એની ખાત્રી કરવા માટે એક નાનકડી સમિતિ નીમેલી છે. તેમાં મારે કામ કરવાનું હોવાથી મહાત્માજીએ ચોકી વિષે શું લખ્યું છે તે જોઈ જવાને માટે જૂની ફાઇલો મેં હાથમાં લીધી. ત્યાં તો નીચેનું વાકય જ પ્રથમ હાથમાં આવ્યું:

"જે ભરતી કરનાર અમલદાર ઠરાવેલા ધોરણથી નીચેના સ્વયંસેવકો લે છે તે, તો જાણીબૂઝીને એવા સ્વયંસેવકોની ભરતી કરતો હોય તો, અપ્રામાણિકતાનો ગુન્હો કરે છે. એણે તો એટલું જ કરવાનું રહ્યું કે એણે મધ્યસ્થળે ખબર આપી દેવી કે ઠરાવેલી શરતોએ સ્વયંસેવકો મળી શકતા નથી; પણ એ શરતોને તે કોરે મૂકશે કે ઢીલી કરશે એ કોઇપણ સંજોગોમાં યોગ્ય નહિ ગણાય."

સ્વયંસેવકો જોઇએ છે તે કામ કરવાને માટે, મોટી સંખ્યા બતાવવા માટે નહિ.

યુદ્ધશાસ્ત્રનો નિયમ છે કે સેના મોટી હોય કે નાની, તેનો દરેક સૈનિક પૂરેપૂરો લડવૈયો અને સ્વાવલંબી હોવો જોઇયે. પોતાનું રક્ષણ કરવાને માટે હમેશાં તે સમર્થ હોવો જોઇયે. દરેક લશ્કર સાથે તેની ખિદમતમાં કામ કરનાર 'કૅમ્પ ફૉલોઅર્સ' અથવા આશ્રિતોનું એક ટોળું હોય છે. આ ટોળું જેટલું મોટું હોય તેટલું તે સેનાનું બળ ઓછું; કેમકે દોડધામ કરવામાં આ ટોળું હમેશાં પછાત રહે છે,

---
*નવજીવન તા. ૧૯-૧૧-૨૨

રસદ (ખોરાક) ખરચી નાંખવામાં તેની મદદ સૌથી વધારે થાય છે; અને લડાઇ શરૂ થયા પછી ખરેખરૂં સંકટ ઉભું થાય તેના પહેલાં જ તેઓ નાસીપાસ થાય છે તથા નાસવાનું પણ શરૂ કરે છે. જેઓ કંઇપણ કામ કર્યા વગર હોહા કરવામાં જ મદદ કરે છે તેઓ, હિંમતવાન આગેવાનો જેલ જતાં, 'બધું ગયું, બધું ગયું; હવે શું થવાનું હતું' એવાં રોદણાં શરૂ કરે છે. એવા લોકોને તેમની પોતાની હિંમત હોતી જ નથી. અનુકૂળ પરિસ્થિતિમાં પણ જેઓએ કામ કર્યું નથી તેઓ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ધીરજ રાખી શાના કામ કરવાના હતા? એવા લોકોની સદ્બુદ્ધિ સાચી હોય છે, તેમની સહાનુભૂતિ કિંમતી હોય છે, અલ્પસ્વલ્પ મદદ તેઓ કરે તે ઇચ્છિવાજોગ હોય છે, પણ તેમણે સેનામાં ન જોડાવું એ જ ઠીક છે.

સૈન્યભરતીમાં બીજો એક વર્ગ હમેશાં દાખલ થાય છે, તેને ઉપર કહેલા વર્ગમાં ગણી કાઢવાની ભૂલ આપણે ન જ કરવી જોઇયે. તેઓ ઉત્સાહી પણ કાચા સૈનિકો હોય છે. જમાનાના ખાધેલા જૂના જોગીઓ ઠરેલ હોય છે; સાચું સંકટ કયાં છે એ તેઓ જાણે છે; સ્હેજમાં તેઓ ભડકી જતા નથી; અને તેથી તેઓ ભારે શૂર હોય એમ લાગે છે. તેમનું તે શૌર્ય અનુભવને લીધે જ આવેલું હોય છે. કાચા સૈનિકોનું શૌર્ય તેમના હૃદયમાં નીપજેલું હોય છે. તેમની દેશભક્તિ એ જ તેમના શૌર્યનું મૂળ હોય છે. પણ તેમની પાસે અનુભવ નથી હોતો અને તેથી તેઓ ઘણીવાર મૂંઝાય છે અને કાયરનો દેખાવ કરે છે. પણ પાકટ સૈનિકો

કરતાં પણ કેટલીકવાર તેમનું શૌર્ય વધારે હોય છે. ફક્ત તેમને દોરનાર જોઇએ, અને થોડો અનુભવ જોઇએ. તેઓ લડવા તૈયાર હોય છે, પણ કેવી રીતે લડવું તે જાણતા નથી હોતા. તેઓ મરવા તૈયાર હોય છે, પણ મરીને કેવી રીતે જીતવું એની તેમને આવડત નથી હોતી. શરૂઆતમાં બધી શરતો પળાશે કે કેમ એ વિષે તેમના મનમાં શંકા રહે છે. સેનાની તાલીમ બરાબર લઈ શકીશું કે નહિ એ વિષે તેમને પૂરેપૂરી ખાત્રી નથી હોતી. એવા લોકોને ઉત્સાહ આપી તાલીમ આપવાની ફરજ ભરતી અમલદારની હોય છે. અનુભવી ભરતી અમલદાર એવાઓને સ્હેજે પારખી શકે છે અને તેમને તાલીમ મળે ત્યાં સુધી તેમનો ઉત્સાહ ટકાવવાનું કામ તે ધ્યાનપૂર્વક કરે છે.

અને કેટલાક સૈનિકો હનુમાન જેવા હોય છે. તેમનામાં અસાધારણ શક્તિ રહેલી હોય છે, પણ તેમને પોતાને તેમનું ભાન નથી હોતું. બહારથી બીજા કોઇએ તેમને તેમની શક્તિનું ભાન કરાવવું પડે છે. એકવાર શક્તિનું ભાન થયું એટલે તેઓ એવું તો અલૌકિક કાર્ય કરે છે કે અનુભવી લોકોને પણ આશ્ચર્યમાં દિંગ થવું પડે છે.

પરદેશી કાપડ સામે ચોકી એ ગુજરાતની પ્રથમ પરીક્ષા છે. આપણી સ્વરાજ્યની ઝુંબેશનું આ પ્રથમ પગથીયું છે. શરૂઆત સારી કરીશું તો અરધી લડત જીત્યાનું ફળ મળી જશે. માટે નક્કી કરેલા દરેક સ્થાન પર ઉત્સાહપૂર્વક ભરતીનું કામ જોસભેર ચાલવું જોઇએ.

ચોકી

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* સામાન્ય સ્થિતિમાં પોલીસ ખાતું લોકોના જાન-માલનું રક્ષણ કરે છે, પણ જ્યારે મોટું ધાડું આવે છે અથવા બધે જ લૂંટફાટ શરૂ થાય છે અથવા પોલીસખાતું જ લૂંટનારાઓનું મદદગાર થાય છે ત્યારે શહેરીઓને આત્મ-રક્ષણ કરવાને માટે દિવસ અને રાત ચોકી કરવી પડે છે. પોલીસ ખાતા ઉપર આધાર રાખી સર્વસ્વ લૂંટાઈ જાય ત્યાં સુધી લોકો સુઈ રહેતા નથી.

પરદેશીની બાબતમાં ઉપરની દશા હોવા છતાં આપણે આજ લગી સુઈ રહ્યા અને બિનતકરારે લૂંટ થવા દીધી. હવે આપણે જાગ્યા છીએ એટલે બહુ જ ઉતાવળે આપણે પરદેશી કાપડ સામે ચોકી શરૂ કરવી જોઈએ. સ્વરાજ્યસરકાર સ્થપાશે ત્યારે પરદેશી કાપડનો બંદોબસ્ત એની મેળે થશે, પણ આજે તો પરદેશી કાપડનો હુમલો હઠાવવા સારૂ આપણે એક મોટી સ્વદેશી સેના ઉભી કરવી જોઈએ.

સ્વદેશીનું રક્ષણ કરવા સારૂ બે જાતના સૈનિકોની જરૂર છે. કેટલાક સૈનિકોએ શુદ્ધ ખાદીનું કાપડ તૈયાર કરવામાં, તૈયાર કરવાની કળાઓ શીખવામાં અને તૈયાર થએલી ખાદી ઘેર ઘેર પહોંચાડવામાં મચી પડવું જોઈએ. આ કામ સતત પ્રયત્નનું છે, ઉત્તેજના વગરનું છે. જે લોકો આ કામ આજે કરી રહ્યા છે તેમને ધન્ય છે. તેમને આ

* નવજીવન તા. ૨૨-૧૦-૨૨

કામમાંથી અન્ય પ્રવૃત્તિમાં આપણે ખેંચવા ન જોઇયે. જેલ જવા કરતાં પણ આ કામમાં વધારે કષ્ટ અને મનોધૈર્ય જોઇયે છે.

પણ આટલું કામ બસ નથી. સ્વદેશીના પ્રચારનો આધાર સ્વદેશી ભાવના પર રહેલો છે. તે ભાવનાની સ્હેજસાજ હુંફ દેશમાં પેદા થઈ છે. પણ તેટલી બસ નથી. હુંફની ધગશ થઇ જવી જોઇયે, અને ધગશની જ્વાળા. આ કામ છાપાંઓ કે ભાષણો દ્વારા જેટલું થઇ શકે તેટલું આપણે કરી ચુક્યા છીયે. હવે આપણે આપણા ત્યાગથી, લોહી અને પરસેવાથી, તે આગળ ચલાવવું જોઇયે.

સરકાર સાથે લડવું અને જેલ જવું એ એક રીતે સ્હેલું છે અને બીજી રીતે અઘરૂં પણ છે; કેમકે સરકારે એટલો બધો પ્રજાદ્રોહ કર્યો છે કે સરકારનો વિરોધ કરતાં વેરભાવ પેદા થતાં વાર નહિ લાગે. સરકારનો વિરોધ કરતાં મિજાજ સાચવવો એ અસિધારાવ્રત છે. શૂરા શીખ ખેડુતોએ સિદ્ધ કરી બતાવ્યું છે કે હિન્દી લોકોને માટે તેનું પાલન અશક્ય નથી; છતાં તે અસિધારાવ્રત તો ખરૂં જ. સ્વદેશીનો પ્રચાર કરવાને માટે અને પરદેશીની ચડાઇ હઠાવવા માટે આપણા જ દેશભાઇઓને સમજાવવા નીકળવું અને તેમનો રોષ વ્હોરી લેવો એમાં વધારે શક્તિ જોઇયે છે. છતાં આ કામમાં એક ખાસ સુભલતા એ છે કે જેમની સાથે આપણે દિનરાત પ્રેમનો સંબન્ધ છે તેવાઓને જ આમાં મનાવવાના છે. જેઓ સમાજમાં વિવેકથી રહી શકે છે તેઓ જ જો આ કામ હાથમાં લે તો તેમને કષ્ટ વેઠવાં પડે, વખતે માર પણ ખાવો પડે, પણ તેમને હાથે કોઇનું અપમાન કે નુકસાન થવાનો સંભવ નહિ.

આવા લોકોની લાયકાત શી હોવી જોઇયે ?

૧ સમાજમાં વિવેકથી કામ લેવા જેટલું વ્યવહારજ્ઞાન અને સજ્જનતા તેમનામાં હોવાં જોઇયે.

૨ સ્વયંસેવક થતી વખતે આપેલું સંપૂર્ણ શાન્તિ જાળવવાનું પોતાનું વચન મન-વચન-કર્મથી પાળવાની પોતાની ફરજ ઓળખવાની તેમનામાં શક્તિ હોવી જોઇયે.

૩ આ મહાવ્રત પાળવું જે ક્ષણે અઘરૂં લાગે તે જ ક્ષણે સ્વયંસેવકસેનામાંથી ખસી ઘેર જઈ બેસવાની નિરભિમાનતા પણ તે માણસમાં હોવી જોઇયે.

૪ સ્વયંસેવક થઈ પરદેશીનો બહિષ્કાર કરાવવો એ કંઇ પોકળ ઉપદેશની વાત નથી. તેની પાછળ સ્વદેશી વિષે ધર્મનિષ્ઠા હોવી જોઇયે. પરદેશી કાપડ એ પ્લેગ કે ઇન્ફ્લુએન્ઝા જેટલું વિનાશક છે એવી તેની ખાતરી થયેલી હોવી જોઇયે.

૫ પરદેશી કાપડ સામે આવું જ્વલેણ વેર બાંધવા છતાં તે વાપરનાર વિષે મનમાં રજમાત્ર વેરભાવ ન હોવો જોઇયે. ભારે માંદગીમાં જેમ આપણે રોગના જન્તુને ઝેર આપતાં છતાં રોગી ભાઇને બચાવી લઇયે છીયે, તેમ આપણે પરદેશીના મોહમાં સપડાયેલા આપણા ભાઇઓને ઉગારી લેવાના છે એ ધ્યાનમાં હોવું જોઇયે.

૬ લડાઇ વખતે સૈન્યમાં ભરતી થનાર માણસના ધ્યાનમાં જેમ હોય છે કે તે યોદ્ધાનું નામ ધારણ કરવા માટે અથવા ડગલાપટ્ટાના સાજમાં ફરવા માટે સૈનિક નથી

થતો, પણ પોતાની મરવાની તૈયારી જોઇને જ ભરતી થાય છે, તેમ આપણી સ્વદેશી સેનામાં પણ દરેક જણે જાણવું જોઇયે કે દેશ આખાની આબરૂ તેના એકલાની વર્તણુક પર અવલંબે છે.

૭ આવી રીતે સ્વદેશી સેનામાં ભરતી થઈ સ્વદેશ અને સ્વદેશીનું રક્ષણ કરનાર માણસે પ્રથમ પોતાના ઘરમાં જ પોતાની શક્તિ અજમાવેલી હોવી જોઇયે. સ્વદેશી સેનામાં દાખલ થઈ કરેલું કામ તે જ દેશસેવા અને દાખલ થતા પહેલાં કરેલું કામ તે દેશસેવા નહિ એમ તો નહિ જ. ઘરમાંથી પરદેશી કાપડ કાઢી નાંખવાનો પ્રયત્ન કરવામાં સ્વદેશી સૈનિકને જોઇતી દરેક તાલીમ આપોઆપ મળી જાય છે. કેટલી હદ સુધી કરેલું દબાણ નૈતિક ગણાય અને કયું અત્યાચારરૂપ ગણાય એ આપણે ઘરમાં પ્રેમની કસોટી પર નક્કી કરી શકીયે છીયે. આકરામાં આકરા ઇલાજો અજમાવવા છતાં આપણે કઈ રીતે અહિંસક રહેવું અને પ્રેમ અને તિતિક્ષાથી બીજાને કેવી રીતે વશ કરવા એ ઘરમાં જ શીખી શકાય છે.

જ્યાં એકતા છે ત્યાં જ કુટુમ્બ છે. કુટુમ્બીકુટુમ્બી વચ્ચેનો સંબન્ધ અત્યન્ત પવિત્ર હોય છે. તે સંબન્ધ કયાં કયાં છે અને ક્યાં નથી એ પણ આપણને સહેલાઇથી જોવાનું મળશે. આવી રીતે મેળવેલા અનુભવ એ ચોકીમાં બહુ જ કિંમતી છે.

અમદાવાદ જેવા શહેરમાં એક હજાર ચોકીદારો જ્યારે ભરતી થવાની તૈયારી કરશે ત્યારે એક હજાર કુટુમ્બોમાં

સ્વદેશી ધર્મની જાગૃતિ થશે અને તેની અસર પરદેશી કાપડ વાપરનાર અને વેચનાર પર થયા વિના રહેશે નહિ. કાપડીયાઓ પણ આખરે સમાજનું જ અંગ છે. તેઓ પરદેશી કાપડ વેચે છે એ વાત સાચી છે, પણ તેઓ પોતે પરદેશી નથી. આ દેશમાં જ તેમને રહેવું છે, આ દેશના જ ખભા પર બેસી તેમને છેલ્લી યાત્રા કરવી છે અને આ દેશમાં જ તેમની કીર્તિ કે અપકીર્તિ થવાની છે. આપણી હીલચાલની અસર તેમના પર થયા વિના રહેશે નહિ. પરદેશીનો ત્યાગ કરવાનો દેશનો પવિત્ર નિરધાર જોઈ તેમનામાં પણ ધર્મબુદ્ધિ જાગૃત થશે અને આપણે તેમની પાસે જઈયે તે પહેલાં જ કેટલાકોએ પરદેશી કાપડ વેચવામાં શરમ માની તેનો ત્યાગ કર્યો હશે.

પરદેશી કાપડનો ત્યાગ કરીને પવિત્ર બનેલા કાપડીયાઓનું અભિનન્દન કરવાની 'નવજીવન' આશા રાખે છે, એટલું જ નાહ પણ આતુર છે. જેઓ આમ પશ્ચાત્તાપ કરી પવિત્ર થયેલા હશે તેમની અસર દેશ પર ભારે થશે. તેઓ સ્વદેશી સેનાના સન્માન્ય સૈનિકો બનશે અને પરદેશી પર વિજય મેળવી દેશરક્ષકનું પુણ્યનામ ધારણ કરવાના અધિકારી થશે.

સ્વદેશી સેનાના નિયમો

*૧ જે સ્થળે સ્વયંસેવકને નીમવામાં આવે તે સ્થળના મુખ્ય અધિકારીના તાબામાં અને તે કહે તે મુજબ દરેક સ્વયંસેવકે વર્તવું.

૨ કાપડની દુકાનથી બને તેટલા છેટે રહી દરેક સ્વયંસેવકે લોકોને પરદેશી કાપડ નહિ ખરીદવા બાબત સમજાવવું અને દુકાનદારની ઇચ્છા વિરુદ્ધ દુકાનના ઓટલાથી કે હદથી ૧૦ ફીટની અંદર જવું નહિ.

૩ લોકોને સમજાવતાં સાર્વજનિક રસ્તા ઉપર ભીડ ન થાય તેવી સાવચેતી રાખવી. ભીડ થતી જણાતાં લોકોને વેરાઇ જવા વિનંતિ કરવી; અને લોકો ન વેરાઈ જાય તો સ્વયંસેવકોએ તે બાબતની ખબર મુખ્ય ઑફીસે આપવી.

૪ બને ત્યાં સુધી દુકાનની પાસેના ઘરોવાળા વગેરેની સહાનુભૂતિ મેળવી તેમના ઓટલા વગેરે ઉપર બેસવા તથા ઉભા રહેવાની સગવડ કરાવી ત્યાંથી જ લોકોને સમજાવવા પ્રયત્ન કરવો. આ પ્રમાણે કર્યેથી જાહેર રસ્તામાં ભીડ થવાનો સંભવ રહેશે નહિ.

૫ કાપડની દુકાન નજીક ઉપદેશ કરવા કરતાં તે દુકાન તરફ જતા રસ્તાઓના નાકેથી જ લોકોને ઉપદેશ કરવાનું બની શકે તો તે વધારે ઇચ્છિવા જેવું છે.

૬. કાપડની દુકાનમાંથી માલ ખરીદી જનાર કોઇ પણ

* નવજીવન તા. ૩-૧૨-૧૯૨૨

માણુસ સાથે કાંઇ પણ વાતચીત કરવી નહિ કે તેને કોઈ પણ સમજુતી યા ઉપદેશ કરવો નહિ.

૭ પરદેશી કાપડ નહિ ખરીદવા સમજાવતાં દરેક સ્વયંસેવકે વિનયથી અને આજીજીથી વાત કરવી. કઠોર અથવા તિરસ્કારવાળી ભાષા વાપરવી નહિ.

૮ સમજાવતાં કોઈ પણ માણુસના શરીરને નહિ અડવા દરેક સ્વયંસેવકે ખાસ સાવચેતી રાખવી.

૯ કોઈ પણ સ્વયંસેવકને પોલીસ પકડવા માગે તો પકડાઈ જવું; અને તેની ખબર બીજા સ્વયંસેવકોએ મુખ્ય આફીસે તરત આપવી.

૧૦ પોલીસ તરફથી કોઇનું પણ નામ પૂછવામાં આવે તો બિનતકરારે આપવું. નામ માગનાર અમલદાર સાથે ચર્ચામાં ઉતરવું નહિ; અને તે બાબતની ખબર મુખ્ય ઑફીસને આપવી.

૧૧ બીજાઓ તરફથી ગમે તેટલું નોકસાન થાય તો પણ સ્વયંસેવકે શાંતિ જાળવવી અને કદાચ તેને મારપીટ થાય તોપણ તે શાંતિથી સહન કરવી. ગમે તેટલું ચીડવવામાં કે ઉશ્કેરવામાં આવે તોપણ કોઇ પણ સ્વયં-સેવકે ગુસ્સો કરવો નહિ કે મારપીટ કરવી નહિ.

વલ્લભભાઇ ઝવેરભાઇ પટેલ
પ્રમુખ, ગુજરાત પ્રાન્તિક સમિતિ

આપણી ઢીલાશ

[લે : ગાંધીજી]

* એક વિશ્વાસપાત્ર ખબરપત્રી મને લખે છે કે અલ્લાહાબાદ અને બનારસમાં સ્વયંસેવકોની ભરતી કરવામાં તેમની લાયકાત તરફ લક્ષ દેવામાં આવતું નથી. એમાંના ભાગ્યે જ ૫૦ જણા નખશિખાન્ત હાથે કાંતેલી ખાદી પહેરનારા હશે. બીજા કેટલાક ઉપર ઉપર ખાદી પહેરે છે, પણ બીજાં બધાં કપડાં વિદેશી હોય છે. એ જ ખબરપત્રી વધારામાં જણાવે છે કે કેટલાક સ્વયંસેવકો કોઇક વાર દારૂ પી લેવામાં બાધ ગણતા નથી. તેઓ અહિંસામાં માને છે કે નહિ તેની પરીક્ષા કરવામાં આવતી નથી; અને ઘણી જગાએ મહાસભાના સ્થાનિક આધકારીઓએ તેમના પરનો કાબુ ખોયો છે. સંયુક્ત પ્રાન્તમાં ૯૬,૦૦૦ સ્વયંસેવકો નોંધાયાનું સત્તાવાર રીતે જાહેર થયું છે. આટલા બધા સ્વયંસેવકો નોંધાયા હોય અને એમાંનો ઘણો મોટો ભાગ મહાસભાની શરતોનું પાલન ન કરતો હોય તો તેઓથી કશો દહાડો વળવાનો નથી. મેં જે ફરીયાદો ગણાવી છે તે ભયંકર તો છે જ, છતાં ફરીયાદો એટલેથી પૂરી થતી નથી. એ જ ખબર કલકત્તાથી એક ભરોસાદાર જગાએથી આવી છે. મારા ખબરપત્રી જણાવે છે કે જેલ ગયેલામાંના સેંકડો જણ સ્વયંસેવકની પ્રતિજ્ઞાથી સાવ અજાણ છે, ખાદી પહેરતા નથી; હિન્દુસ્તાનની મીલોનું કાપડ પણ પહેરતા નથી, પણ પરદેશી કાપડ પહેરીને જેલ ગયા છે. વળી

---

* યંગ ઇંડિયા તા. ૨૩-૨-૧૯૨૨

તેઓને અહિંસાની કશી તાલીમ પણ આપવામાં આવી ન હતી. રોહતકથી એક ખબરપત્રી ભારે ફરીયાદ કરતાં લખે છે કે એ જીલ્લાના ઘણા ભાગમાં સ્વયંસેવકો સૂચનાઓનું પાલન કરતા નથી, અને મહાસભાના કાર્યવાહકોની સ્થિતિ અતિશય કફોડી અને ત્રાસદાયક કરી મુકે છે.

આ ફરીયાદોનો એક-દશાંશ પણ જો ખરો હોય તો મને ભય રહે છે કે આપણે દેશમાં આવેલી અજબ જાગૃતિને પહોંચી વળવા અને મહાસભાના તન્ત્રમાં થયેલા નવા ઉમેરાઓ પર કાબુ જમાવવા અસમર્થ નીવડયા છીયે. એ પણ સંભવિત છે કે આમ બન્યું એમાં કોઇનોયે દોષ ન હોય. સરકારે જાહેર સભાઓ અને સ્વયંસેવકોની બંધીનાં જાહેરનામાં આપણા પર પ્રગોળીને આણીનો પ્રસંગ ઉભો કર્યો છે. સરકારે આપણને પડકાર દીધો. તેના પડકારને ઝીલી લીધે જ છૂટકો હતો; અને આપણે એમ કર્યું પણ ખરૂં. આ સંજોગોમાં નવા અને બીનઅનુભવી માણસોને માથે જવાબદારીભર્યા હોદ્દાઓ આવી પડ્યા. આવે અવસરે પ્રજાની આગેવાની કરવી એ રમત નહોતી. જે અનુભવી નેતાઓને પ્રજાની વચ્ચેથી આવે કપરે સમયે ઉપાડીને સરકારે કેદમાં પૂરી દીધા છે તેમને પણ પ્રજાને સહી-સલામત દોરી જતાં નવ નેજાં પાણી ચડે એવું અઘરૂં ને જોખમ ભરેલું કામ હતું. તેવાં કઠણ કામો કરવાનો ભાર, સરકારનાં કરતૂતને પરિણામે નવા બીનઅનુભવી માણસો ઉપર આવી પડ્યો.

આ દલીલની તરફેણમાં ઘણું કહેવાનું છે. તેથી કોઇના દોષ કાઢવાની જરૂર નથી; છતાં આપણાથી વસ્તુસ્થિતિ

જરૂર આંખમીચામણાં કરી શકાય નહિ. ઉલટું આપણે નિર્ભયતાથી ને હિંમતથી તેનો ભેટો કરવો જોઇયે અને આપણું ઘર વ્યવસ્થિત કરવું જોઇયે. સૈનિકોમાં જે ગુણોની અપેક્ષા રાખવામાં આવે તે ગુણોવાળા સૈનિકોની બનેલી ન હોય એવી એક પણ સેના દુનીયામાં વિજયને વરી નથી. તો પછી શાન્તિની સેનાના સૈનિકોએ તો તેમને માટે ઠરાવવામાં આવેલા ગુણોનું પ્રદર્શન કરવાની વધારે જરૂર છે. ધોરણું હદપાર ઉચું છે એવો જવાબ દીધે ચાલે તેમ નથી. જે ભરતી કરનાર અમલદાર ઠરાવેલા ધોરણથી ઉતરતા સ્વયંસેવકો લે છે તે, જો જાણીબુઝીને એવા સ્વયંસેવકો ભરતી કરતો હોય તો, અપ્રામાણિકતાનો ગુન્હો કરે છે. એણે તો એટલું જ કરવાનું રહ્યું કે એણે ઠરાવેલી શરતોએ સ્વયંસેવકો મળી શકતા નથી એવું પોતાના સરદારને જાહેર કરી દેવું; એ શરતોને તે કોરે મુકે કે ઢીલી કરે એ તો કોઈ પણ સંજોગોમાં યોગ્ય ન ગણાય.

મહાસભાએ ઠરાવેલી શરતો ગયા ડિસેમ્બરમાં મહાસભાની ભરી સભામાં મેં વિગતવાર વાંચી સંભળાવી હતી. મહાસમિતિ અને કારોબારી સમિતિએ એ વિષે લંબાણથી ચર્ચા કરી હતી અને પછી અનેક ખાનગી ચર્ચાઓમાં જુદા જુદા પ્રાન્તોના પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોને મેં એ શરતો સમજાવી હતી. તેથી શરતો પૂરી કરવી અશક્ય છે એ દલીલ કબૂલ રખાય એમ નથી. પ્રતિનિધિઓ પોતે શું કરવા બેઠા હતા તેની તેમને જાણ હતી. એમની સંખ્યા લગભગ ૬૦૦૦ ની હતી. તેઓ પોતપોતાનાં મતદારમંડળના પ્રતિનિધિ બનીને આવ્યા

હતા; પછી શરતો પૂરી કરવામાં મુશ્કેલી શાને રહેવી જોઇયે ?

હું પોતે તો શરતોને સંપૂર્ણપણે સમજનારા અને સર્વાંશે તેનું પાલન કરનારા એવા ૩૦૦ સ્વયંસેવકોથી સન્તોષ માનું. પણ જેઓ શરતોથી સાવ અજાણ હોય અને જેમને શરતો વિષે દરકાર તો એથીયે ઓછી હોય એવા ૩૦,૦૦૦ સ્વયંસેવકો આવતા હોય તોયે હું લડતની આગેવાની કરવાને તૈયાર ન થાઉં. કારણ સ્પષ્ટ છે. પહેલી સ્થિતિમાં મને કંઇ નહિ તો ૩૦૦ સ્તંભ જેવા સુભટોનો ટેકો છે. બીજી સ્થિતિમાં મારે મારી પર બોજારૂપ થઈ પડેલા એવા ૩૦,૦૦૦ માણસોનો–સ્વયંસેવકોનો નહિ–ભાર ઢસડવાનો છે. પેલા ૩૦૦ મને મદદ કરે, મારી સૂચનાઓનો અમલ કરે; જ્યારે આ ૩૦,૦૦૦ સૂચનાઓનો અમલ તો ન જ કરે, પણ વખતે મને પોતાને ગુંગળાવી નાંખે. તેથી આપણે એક વાર કાયમનો નિરધાર કરી લેવો જોઇયે કે જે ઠરાવો આપણી કારોબારી સમિતિ પસાર કરે તેનું તો અક્ષરશઃ પાલન કર્યે જ છૂટકો છે. જે કાર્યક્રમ ઉપર હિન્દુસ્તાનના ભાવિનો અને ખિલાફત અને પંજાબના અન્યાયની ભરપાઇનો તથા સ્વરાજ્યની પ્રાપ્તિનો આધાર છે તે કાર્યક્રમનું એ ઠરાવો એ અંગ છે. ઠરાવોનો સંપૂર્ણ અમલ ન કરવાનો હોય તો એ ઠરાવોનો કંઈ અર્થ જ નથી. જૂના વખતમાં સરકારને ઉદ્દેશીને જે ઠરાવો આપણે કરતા તેનો સરકાર તરફથી અમલ ન થતો ત્યારે આપણે ફરીયાદ કરતા. હવે આપણે પોતે જ સ્વેચ્છાથી અને વિચારપૂર્વક ઠરાવો કરીયે અને આપણે

પોતે જ તે અમલમાં ન મુકીયે તો કોણે ફરીયાદ કરવી? એટલા માટે મહાસભા તેમજ ખિલાફતની બધી સમિતિઓને મારી આગ્રહભરી સલાહ છે કે સૌ આ ઠરાવોનું પોતપોતાની હદમાં કડકાઇપૂર્વક પાલન કરે. તેઓ તેમ નહિ કરે તો લડતમાં વિઘ્ન નાંખવાની અપકીર્તિ તેમને શિર આવવાની છે. એમાં બીજા કોઇનો દોષ નહિ કાઢી શકાય. ભવિષ્ય સુધારવું પણ આપણા જ હાથમાં છે ને બગાડવું પણ આપણા જ હાથમાં છે.

ચોકીના મદદગાર

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* મરકી એ એક સામાજિક આપત્તિ છે. તેને દાબી દેવા માટે સમાજનાં બધાં જ અંગોને તનતોડ મહેનત કરવાની હોય છે. હું મારૂં ઘર સ્વચ્છ રાખું એટલું જ બસ નથી. મરકીમાંથી બચવું હોય તો મારે મારા પડોશીને પણ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવું જોઇયે. બધા સાફ થાય તો જ સાફ થાઉં એમ કહ્યે પણ ત્યાં નહિ ચાલે. માણસે પ્રથમ પોતે સાફ થવું અને પછી બીજાઓને જેટલી રીતે જેટલું સમજાવી શકાય તેટલું સમજાવવા મંડી પડવું.

* નવજીવન તા. ૧૦-૧૨-૧૯૨૨

પડોશીઓ ન માને તો જ્યાં જ્યાં પોતાનો હાથ પહોંચી શકે ત્યાં ત્યાં સાફ કરવાનું કામ કર્યા કરવું.

પરદેશી કાપડની બદી કાઢવાનો પ્રયત્ન પણ આ જ જાતનો છે. ચોકી એ છેલ્લો અને આકરો ઇલાજ છે. તેની સાથે બીજા બધા જ સૌમ્ય ઉપાયો પણ યોજવા જોઇયે. ફુલ જ્યાં હોય ત્યાં જેમ પોતાની સુવાસ ફેલાવે છે તેમ દરેક સ્વરાજ્યના ઉપાસકે સ્વદેશીની સુવાસ ફેલાવવી જોઇયે.

વિદ્યાર્થીઓએ પોતાના ઘરમાં અને પોતાની નિશાળમાં, અખાડાઓમાં તેમજ રમવાનાં મેદાનો પર પરદેશીને ધુતકારી કાઢવું જોઇયે; અવિનયથી નહિ પણ દૃઢતાથી. સ્ત્રીઓએ પોતાનાં ઘરમાં તેમજ સગાંવહાલાંઓમાં, સાસરામાં તેમજ પીયરમાં પરદેશી સામે બંડ ચલાવવું જોઇયે. ન્યાતભોજનમાં કે જાનમાં શુદ્ધ સ્વદેશીનો જ આગ્રહ રાખવો જોઇયે. મન્દિરોમાં પરદેશી કપડાં પહેરીને જવું એના જેવું તો અનુચિત બીજું કશું હોઈ ન શકે. મન્દિરોમાં સાદાઇથી અને નમ્ર થઇને જવું જોઇયે. ભક્તિભાવથી પરમેશ્વરની પૂજા કરવા માટે મન્દિરો હોય છે, પોતાની શ્રીમંતાઇનું પ્રદર્શન કરી બીજાનાં મનમાં અદેખાઈ પેદા કરવા માટે નહિ. મન્દિરોમાં સર્વે ભક્તોની સમાનતા તરી આવે એવું ધાર્મિક વાતાવરણ હોવું જોઇયે. તેને દક્ષિણાના પ્રમાણમાં પ્રતિષ્ઠા મેળવવાનું બજાર આપણે કરી ન મુકીયે. ધોયેલી શુદ્ધ ખાદી કરતાં વધુ પવિત્ર પોશાક હોઈ ન જ શકે.

છોકરાઓને જનોઈ આપતી વખતે જનોઈનું જો અપમાન ન કરવું હોય તો શુદ્ધ ખાદીનો પોશાક સર્વેએ પહેરવો જોઇએ. જનોઇમાં સૂક્ષ્મરૂપે ખાદીની દીક્ષા જ છે. કપાસમાંથી હાથમહેનતથી સરસ સૂતરના નવ ધાગાઓ કાંતી જે ધારણ કરી શકે છે તે જ વેદવિદ્યાનો અને અલૌકિક જ્ઞાનનો અધિકારી છે. એ જનોઇનો અર્થ છે. જે બાળક આવી જનોઈ ગુરુને અર્પણ કરી પોતે ધારણ કરી બતાવતો તેને ગુરુ ભણાવતો. એ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે ધર્મની દૃષ્ટિએ ગુરુ અને શિષ્ય બન્નેનો પોશાક હાથમહેનતનો જ–આજની ભાષામાં ખાદીનો જ—હોવો જોઇએ.

પંજાબમાં હજી યે વિવાહ પ્રસંગે ખાદીનું જ લુગડું ભેટ તરીકે અપાય છે. ગુજરાતમાં એ રિવાજ દાખલ થવો જોઇએ. પોંખવામાં સાંબેલાં સાથે એકલી ત્રાક રાખ્યે બસ નથી.

દરેક જાતના વેપારીઓનું મહાજન હોય છે. તેઓ જો ખાદી જ વાપરવાનો અને કાંઇ નહિ તો પરદેશી ન વાપરવાનો નિશ્ચય કરે તો સ્હેજે બારે દેશસેવા એટલે સ્વરાજ્યસેવા થઈ જાય. સ્વદેશીનું મહત્ત્વ જેના મનમાં ઠસી ગયું છે તેણે પોતાના મહાજનમાં પરદેશીનો વિરોધ રાત દહાડો ચલાવવો જોઇએ, માત્ર ન પાળવાની પ્રતિજ્ઞાઓ લઈ દંભ અને લુચ્ચાઈ વધારવાનું પાપ મહાજન મારફત ન થવું જોઇએ. સજા કરવાની બીક બતાવી મહાજનનો દોર પણ આ સ્વદેશી હીલચાલમાં અખત્યાર ન કરાય એ ઇચ્છવાજોગ છે.

જે કામ વેપારીઓનું મહાજન કરી શકે તે જ ન્યાતો પણ કરી શકે. ન્યાત ધારે અને કુનેહથી કામ લે તો બહુ જ સ્હેલાઇથી પરદેશીનું કલંક સમાજ ઉપરથી ધોઇ શકે. ન્યાતની સામુદાયિક શક્તિ કંઇ પણ સત્કાર્ય કરી શકે છે એ બતાવવાની આ સુવર્ણ તક ન્યાતોને મળી છે.

વેપારીઓ અને કારખાનદારો પોતપોતાની દુકાનોમાં અને કારખાનાંઓમાં સ્વદેશીનો આગ્રહ રાખી શકે છે અને પરદેશીનો વિરોધ કરી શકે છે. જેમ નાટકી પોશાક પહેરનાર નોકરને આપણે ઘરમાં રાખતા નથી તેમ પરદેશી કાપડ પહેરનાર માણસને પણ આપણે નમ્રતાથી કહી શકીયે કે તમારો અમારો મેળ ન ખાય.

દશપંદર વર્ષ ઉપર વિદ્યાર્થીઓ ન ભણેલી છોકરીઓ સાથે ન પરણવાના સોગન લેતા. આજે ખાદી ન પહેરનાર છોકરાઓ સાથે ન પરણવાની પ્રતિજ્ઞા છોકરીઓ લે તો કેવું મજાનું?

શહેરોમાં પરદેશીનો જેટલો મોહ છે તેટલો ગામડાંઓમાં નથી હોતો. ગામડાંઓમાં પરદેશી કાપડ ખરીદાય છે એ વાત સાચી છે, પણ તે અજ્ઞાનને લીધે હોય છે. ગામડાંઓમાં જો બરાબર સમજાવવામાં આવે તો પરદેશી કાપડ ન લેવાનો નિશ્ચય સ્હેલાઇથી કરી શકે અને સ્હેલાઇથી પાળી પણ શકે. શહેરોની હીલચાલ પાછળ આપણે અત્યારે જેટલી મહેનત લીધી છે તેનો ચોથો હિસ્સો પણ ગામડાંઓ માટે બસ થશે. એક આખા ગામમાં સાધારણ

રીતે પરસ્પર સંબંધ હોય છે તેટલો શહેરોની પોળોમાં પણ નથી હોતો.

સ્વદેશીના પ્રચારનું કામ અમુક એક વિભાગનું જ છે એવો ખ્યાલ મનમાં રાખવો ન ઘટે. માણસ ખાદીનું કામ કરતો હોય કે રાષ્ટ્રીય શિક્ષણનું, દુકાળનું કે અન્ત્યજોનું, સંસારસુધારાનું કે ધર્મોપદેશનું, માણસ સહકારી હોય કે અસહકારી, વકીલ હોય કે ડૉક્ટર, સરકારી નોકર અથવા સ્વતંત્ર ધંધો કરનાર–બધાએ જ પરદેશીનો વિરોધ સખત રીતે ચલાવવો જોઇયે, અને શુદ્ધ ખાદી કયાં મળે છે એની માહિતી ફેલાવવામાં મદદ કરવી જોઇયે. જ્યાં ખાદી ન મળતી હોય ત્યાં તે મંગાવી વેચવી એ એક રાષ્ટ્રીય મહત્ત્વનું પુણ્યકર્મ છે એમ બધાએ જાણવું જોઇયે. સાચે જ પવિત્ર ખાદીના પ્રચારમાં ધર્મપ્રચારનું જ પુણ્ય છે.

જ્યાં જેની અસર પહોંચતી હોય ત્યાં તેણે સ્વદેશીના પ્રતિજ્ઞા લેવડાવવી જોઇયે, અને તે બરાબર પળાય છે કે નહિ એ તરફ ધ્યાન આપવું જોઇયે. દરેક પ્રતિજ્ઞા પાછળ પ્રતિજ્ઞા લેનાર અને આપનાર બન્નેની જવાબદારી હોય છે. અમદાવાદના મીલમજુરોને પ્રતિજ્ઞા આપી મહાત્માજી જ્યારે તેમની સાથે લડતમાં જોડાયા ત્યારે તેમની પાસેથી પ્રતિજ્ઞા પળાવવાની જોખમદારી પણ તેમણે વ્હોરી લીધી. મીલમજુરો પ્રતિજ્ઞામાંથી પડે છે એમ જ્યારે તેમણે જોયું ત્યારે મજુરોને પ્રતિજ્ઞા પર દૃઢ રાખવા માટે તેઓ પ્રાણ-ત્યાગ કરવા તૈયાર પણ થયેલા.

ઉપવાસ વખતે મહાત્માજીએ લખેલું હતું:—

" હિન્દમાં મેં ઘણી મુસાફરી કરી છે, તે દરમીયાન મે સેંકડો માણસ એવાં જોયાં છે કે જેઓ પલકમાં પ્રતિજ્ઞા કરે છે અને પલકમાં તેનો ભંગ કરે છે....

મારી એવી દૃઢ માન્યતા છે કે જ્યાં સુધી માણસો લોઢા જેવાં કઠણ થયાં નથી અને જ્યાં સુધી દુનીયા તેઓના વચનને મીડ અને ફારીસીના કાયદા પેઠે (ભીષ્મ કે હરિશ્ચંદ્રની પ્રતિજ્ઞાની પેઠે) કદી ન તૂટે તેવું અચળ ન ગણે ત્યાં સુધી તેઓ એક પ્રજા થઇ શકતા નથી."

પ્રતિજ્ઞાનું આ મહત્ત્વ ઓળખી પ્રતિજ્ઞાનો પ્રચાર ચલાવવો જોઇએ.

આવી રીતે પ્રજાસમસ્ત પોતપોતાની શક્તિ પ્રમાણે અને સ્થિતિ પ્રમાણે ચોકીને મદદ કરવા તૈયાર થાય ત્યારે જ ચોકીનું કામ સ્હેલાઇથી પાર પડે. ચોકી કરનારની સંખ્યા કરતાં ચોકીના મદદગારોની સંખ્યા હજારો ગણી વધારે હોવી જોઇયે.

આટલી મદદ કરો

[લે: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર]

* હિન્દુસ્તાનમાં આજે શસ્ત્ર લઇને લડવાની શક્તિ નથી; અને શસ્ત્ર હોત તોપણ તેને લડાઈ કરવાની જરૂર પણ નથી. છતાં અત્યાર સુધીનો આપણો શસ્ત્ર-યુદ્ધનો ઇતિહાસ જાણી લેવાની ખૂબ જરૂર છે. હિન્દુ-

* નવજીવન તા. ૩-૪-૧૯૨૧

મુસલમાન વચ્ચેનાં યુદ્ધો, પઠાણ મોગલ વચ્ચેનાં યુદ્ધો, મરાઠાઓ અને દુરાની વચ્ચેનું યુદ્ધ, યૂરોપીયન અને હિન્દી વચ્ચેનાં યુદ્ધો કેવી રીતે ચાલતાં હતાં અને તેના ગુણદોષ કયા કયા હતા એ બધું જાણવું જોઇયે. યુદ્ધશાસ્ત્રનો એક મુખ્ય નિયમ એ છે કે સેના અત્યંત સુવ્યવસ્થિત અને સ્હેજમાં ગમે ત્યાં મોકલી શકાય એવી હલકી હોવી જોઇયે.

બીજો નિયમ કે જેને લીધે હારજીતનો છેવટનો નિર્ણય થાય છે તે એ છે કે જે દેશમાં યુદ્ધ ચાલતું હોય ત્યાંની આમપ્રજા સેનાને અનુકૂળ હોવી જોઇયે. સામાન્ય પ્રજા જો અનુકૂળ ન હોય,સેનાના દાવપેચમાં ખલેલ પહોંચાડતી હોય તો બાહોશમાં બાહોશ સેના પણ હારી જાય. સામાન્ય પ્રજાની સહાનુભૂતિ એ કંઈ અનુકૂળતા નથી, કેટલીકવાર સદ્‌ભાવથી સહાનુભૂતિથી કરેલી દખલ વિશેષ વિઘ્નરૂપ થઈ પડે છે. હિન્દુસ્તાનમાં હમેશાં વ્યવસ્થિત સેના સાથે બીજા અનેક લોકો રહેતા એને બોઇબિસ્તીઓનું લશ્કર કહે છે. અંગ્રેજીમાં એને 'કૅમ્પ ફૅાલોઅર્સ' કહે છે. આ લોકો લશ્કરની જીત થાય ત્યારે લૂંટફાટ કરવામાં મદદ કરે છે. પણ જો હાર થાય તો સૌથી પહેલાં નાસવા માંડે છે અને તેથી વ્યવસ્થિત સૈન્ય પણ હિમ્મત હારે છે. વ્યવસ્થિત સૈન્યને યુદ્ધશાસ્ત્રના નિયમને અનુસરીને પાછળ ખસવાનું હોય છે ત્યારે આ બોઇબિસ્તીઓનું લશ્કર નાહક અગવડ કરે છે. કેટલીક વાર તો હાર થતી જોઈ તે પોતાના લશ્કરનું ધનધાન્ય લૂંટી લે છે અને મુખ્ય લશ્કરની કફોડી દશા કરી મુકે છે બોઅર યુદ્ધમાં ફૅાજી આવા બોઇબિસ્તીઓને પ્રતાપે જ (ડચ ભાષામાં તેને લૈગર કહે છે) અંગ્રેજોના હાથમાં

સપડાયો. જનરલ ડીવેટે તેને છોડાવવાનો જે બહાદુરી-ભર્યો પ્રયત્ન કર્યો હતો તે ફોજ સાથે લૈગર ન હોત તો સ્હેજમાં સફળ થાત.

આજે દારૂનિષેધની હીલચાલમાં રાષ્ટ્રસેવકો જે પ્રયત્ન કરી રહ્યા છે અને દારૂના પીઠા ઉપર પહેરો રાખી લોકોની ધર્મબુદ્ધિ જાગૃત કરવાના જે પ્રયત્ન ચાલુ છે તે સફળ થવા દેવા કે ન દેવા પ્રજાના હાથમાં છે. દારૂનિષેધ એ અનીતિ સામે, વ્યસન સામે એક જાતનું યુદ્ધ છે. અને યુદ્ધના સઘળા નિયમ આમાં પળાવા જોઇયે. રાષ્ટ્રસેવકો જે કામ કરી રહ્યા છે તેમાં આમપ્રજાએ વિઘ્નરૂપ ન થવું જોઇયે. સામાન્ય પ્રજાની સહાનુભૂતિ દારૂનિષેધ તરફ જ છે એ દેખીતું છે. રાષ્ટ્રસેવકો પ્રત્યે તેમના મનમાં આદરભાવ રહે છે, પણ ઘણીવાર આ સહાનુભૂતિ અને આ આદરભાવ બહુ જ આનષ્ટ સ્વરૂપ પકડે છે. રાષ્ટ્રસેવકો શાંતિથી પોતાનું કામ કર્યા કરે છે, તેઓના ઉપર ગાળોનો કે પથરાઓનો વર્ષાવ થાય તોપણ તેઓ હસતે મ્હોડે તે બધું સહન કરે છે. પણ આમપ્રજા કેટલીક વાર તે સહન કરી શકતી નથી. સામાન્ય લોકોના મનમાં એમ થાય છે કે શાંતિ જાળવવાનો, સહન કરી લેવાનો ધર્મ, સબૂરી અખત્યાર કરવાનો મજહબ તો માત્ર દીક્ષા લીધેલા રાષ્ટ્ર-સેવકોનો જ છે. પોતે આવા નિયમોથી બંધાયેલા નથી. આ તેમની મનોવૃત્તિ દેશકાર્યને અત્યંત ઘાતક છે. રાષ્ટ્રસેવકો કંઈ પોતાને માટે સ્વરાજ્ય મેળવવા નીકળ્યા નથી. સ્વરાજ્ય બધાને માટે છે અને તેથી સ્વરાજ્યની શરતો પણ બધાએ જ પાળવી જોઇયે. જેઓ સ્વરાજ્યની શરતો

પાળતા નથી તેઓ શત્રુપક્ષને જાણ્યેઅજાણ્યે મદદ જ કરે છે. દારૂનિષેધની હીલચાલમાં સામાન્ય પ્રજાએ કેટલાક નિયમો ચોક્કસ પાળવા જ જોઇયે.

પ્રથમ નિયમ એ છે કે દારૂના પીઠા આગળ લોકોએ ભીડ ન કરવી જોઇયે. રાષ્ટ્રસેવકો પ્રેમથી અને બંધુભાવથી પોતાના આડે રસ્તે જનાર ભાઇઓને જ્યાં બચાવવા માગે છે તે પ્રસંગ તમાશાનો નથી. તેને બનતાં સુધી ખાનગી જ રાખવો જોઇયે. તો જ તેની પવિત્ર અસર સચોટ થાય. સેવકો પર કોઇ હુમલો કરતો નથી કે જેને લીધે તેમનો બચાવ કરવા તમારી જરૂર હોય; અને એવો હુમલો થવાનો સંભવ હોય તોપણ તમારે બેજવાબદાર રીતે પીઠા આગળ ભેગા ન થવું જોઇયે. તમારી મદદની જરૂર હોય તો પ્રબંધકર્તા તમારી પાસેથી તે માગી લેશે. હુમલા સામે જોર કરવાનું નથી, પણ સત્યાગ્રહ કરવાનો છે, એટલા માટે જ તમારી મદદ માગવામાં નથી આવતી. તમારી સહનુભૂતિની કદર પ્રબંધકર્તાઓ કરતા નથી એમ નથી.

બીજો નિયમ એથીયે મહત્ત્વનો છે. જ્યારે દારૂ પીનાર માણસ સ્વયંસેવકોના ઉપદેશને ગણકારતો નથી અથવા તેને ગાળ આપે છે, અથવા તેને ધક્કે મારી પીઠામાં ઘુસે છે ત્યારે સ્વયંસેવક એ બધું શાંતિથી સહન કરે છે, કેમકે દારૂ પીનાર ઉપર જો કંઇ પણ અસર થતી હોય તો તે આ શાંત સહનશીલતાની જ થાય છે. પતિત માણસના આત્માને જાગૃત કરવાનો એ જ એકમાત્ર ઉપાય છે. તમે

એવા માણસ ઉપર ક્રોધ કરી તેને ધિક્કારશો અથવા પોતાને સાત્ત્વિક ક્રોધના અધિકારી માની તેને સજા કરવા જશો તો તમે તે છેલ્લો અને એકમાત્ર ઉપાય નષ્ટ કરી દેશો. તમારા આ અવિવેકથી બિચારા રાષ્ટ્રસેવકની તપશ્ચર્યા બરબાદ થઇ જાય છે અને તમે દારૂનિષેધના શત્રુઓની સંખ્યામાં વધારો કરો છો. તમારા આચરણની અસર તેમના ઉપર જરૂર થવાની અને તે બહુ જ ખોટી થવાની, એટલા માટે જ્યારે દેશમાં કંઈ પણ વ્યવસ્થિત કાર્ય ચાલે છે ત્યારે અવ્યવસ્થિત કાર્ય- બેજવાબદાર કાર્ય-કોઇએ ન કરવું જોઇએ. પ્રજા આ બે નિયમ જો બરાબર સારી પેઠે સમજી જશે તો સ્વલ્પ પ્રયત્ન પણ મહત્ ફલદાયી નીવડશે જ.

નવાં પુસ્તકો

	મૂલ્ય	પોસ્ટેજ
રાયણ (બાળકવિતાઓનો બીજો સંગ્રહ)	૦-૮-૦	૦-૨-૦
એક ધર્મયુદ્ધ (મીલમજુરોની લડતનો ઇતિહાસ)	૦-૮-૦	૦-૨-૦
હિન્દ કેમ પાયમાલ થયું?	૦-૮-૦	૦-૨-૦
પ્રાણપ્રતિષ્ઠા (અસહકાર વિષે ગાંધીજીનાં વ્યાખ્યાનો)	૦-૬-૦	૦-૧-૬

*

ગાંધીજીની જુબાની (હંટર કમિટી વાળી)	૦-૬-૦	૦-૧-૦
અરજુનવાણી (ભજનોનો સંગ્રહ)	૦-૧૨-૦	૦-૨-૦
आश्रमभजनावलि (પ્રાર્થનાઓનો સંગ્રહ)	૦-૧૨-૦	૦-૨-૦
श्रीमद् भगवद्गीता (સુંદર ગુટકો)	૦-૮-૦	૦-૧-૦

બાલસાહિત્ય

ચાલણગાડી—નાની (બાળપોથી)	૦-૧-૩	૦-૦-૬
ચાલણગાડી—મોટી ”	૦-૩-૦	૦-૦-૬
ચાલણગાડીના શિક્ષકોને	૦-૧-૦	૦-૦-૬

હિન્દ સ્વરાજ

*

પ્રમાણભૂત આવૃત્તિ

સ્વદેશી કાગળ

ખાદીનું પૂઠું

*

સાડા છ આના

છપાય છે

જેલ ડાયરી (રાજગોપાળાચારીની રોજનિશિ—જેમાંથી 'નવજીવન'ના વાચકોને નમૂના મળ્યા હતા.)

પૂર્વરંગ (આર્યાવર્તનો ઇતિહાસ)

સીતાહરણ (કુટુંબોની અંદર વાંચવા માટે ખાસ લખેલી રામાયણની કથા-પૂર્વાર્ધ)

ચણીબોર (બાળકવિતાઓના એ સંગ્રહની બીજી આવૃત્તિ)

નવજીવન પ્રકાશન મન્દિર—અમદાવાદ